# નયા માર્ગ

Rs. 8

વંચીતલક્ષી વીકાસપ્રવૃત્તી, વૈજ્ઞાનીક અભીગમ અને શોષણવીહીન સમાજરચના માટે પ્રતીબદ્ધ પાક્ષીક ● ઉંઝા પરીષદે ઠરાવ્યા મુજબ જોડણી કરી છે.

તંત્રી :
ઈન્દુકુમાર જાની

વર્ષ : 40 અંક : 13

અન્ય પૃષ્ઠો પર...

02 સાંપ્રત
ઈન્દુકુમાર જાની

06 ચીનમાં 'દંગલ' 1100...
યશવન્ત મહેતા

08 કંઈક વીશેષ
મંજરી મેઘાણી

10 નારી ક્યાં લગી ધીરજ ધરતી ?
ગાર્ગી વૈદ્ય

12 સંસ્થા અને કાર્યકરો વચ્ચે...
પ્રવીણચંદ્ર ઠક્કર

13 'ભારતની નાણાંકીય સ્થીતી...

15 લડાયક રેશનાલીઝમના...
જયંતી પટેલ

18 માધુકરી
રઘુરાજ સીંહ 'કર્મયોગી' / દીનેશ શુક્લ /ચંદુ મહેરીયા

21 પત્ર-સાર

23 માનવસંસ્કૃતીનો નવો નકશો..
મોહન દાંડીકર

25 નવું વાચન

28 કાવ્યોમાં સાંપ્રત

## નાત-જાત-પ્રાંતના ભેદોથી મુક્ત જાદવજીભાઈ...

જાદવજીભાઈની સૌથી નાની પુત્રી જ્યોતીબેને લંડનમાં એક કોંકણી યુવકને જીવનસાથી તરીકે પસંદ કર્યો. પરંતુ કાકા-કાકી બંનેએ તેમને પ્રેમથી વધાવી લીધાં, નહીં તો ત્યારે ભાવનગરના દશાશ્રીમાળી કુટુંબમાં આવું બનવું વીસ્મયજનક ગણાતું. વળી ત્યારે શ્રી જાદવજીભાઈ પોતે દશાશ્રીમાળી જ્ઞાતીમાં આગળ પડતા ગણાતા હતા, પરંતુ તેમના મનમાં નાત, જાત, પ્રાંતવાદના તમામ ભેદો ઓગળી ગયા હતા. કારણ કે તેઓ પુરા રાષ્ટ્રીય તેમજ ગાંધીના રંગે રંગાઈ ગયા હતા.

ત્રણ પુત્રીઓ અને એક પુત્ર બાદ તેમને ઘરે પુત્ર જન્મ થયો. સૌને માટે એ વહાલસોયા કનૈયા જેવો હતો. તેમના માટે એવું ભવીષ્ય ભાખવામાં આવેલું કે આ બાળકનું પાણીમાં મોત થશે તેથી સૌ ભારે કાળજી રાખતાં. પરંતુ થયું એવું કે એ તેના મામાના મકાનની કુંડીમાં ઉંધો પડી ગયો ને નીષ્પ્રાણ થઈ ગયો. કુટુંબમાં ભારે સોપો પડી ગયો. પરંતુ શ્રી જાદવજીભાઈને થયું કે જેવી ઈશ્વરની મરજી. 'બલીયસી કેવલમ્ ઈશ્વરેચ્છા' એ પણ તેમણે અંતરમાં ગોપવી અને પોતાનાં કામમાં ગુંથાઈ ગયા...

નીયમીતતા તેમ જ શીસ્તપાલનમાં જાદવજીભાઈ એક્કા. સવારે પ્રાત:કાર્ય પતાવીને હાથમાં ખાદીની થેલી લઈને ઘરેથી નીકળી પડે અને પહોંચે ભાવનગર પ્રજા પરીષદની કચેરીએ. કચેરી આવેલ તો ભાવનગરના મુખ્ય રસ્તા ઉપર, એ હતી તો એક મેડા જેવી પરંતુ ઓફીસને સ્વચ્છ રાખે... જાદવજીભાઈ મુ. શ્રી બળવંતભાઈ મહેતાથી માંડીને નાનામાં નાના સ્વયંસેવક સાથે સમભાવે વર્તે. સ્પષ્ટ વાત કરે. આમ તો ભાવનગર રાજ્ય પ્રમાણમાં ઠીક ઠીક પ્રજાલક્ષી હતું, કારણ કે તે વખતના મહારાજા શ્રી કૃષ્ણકુમારસીંહજી અને દીવાન શ્રી પ્રભાશંકરભાઈ પટ્ટણી ગાંધીજી પ્રત્યે ખુબ જ શ્રદ્ધા ધરાવતા હતા. એમ છતાં સંઘર્ષના બનાવો તો ઘટતા રહેતા.

સામાજીક તેમજ શૈક્ષણીક ક્ષેત્રે પણ તેઓ અગ્રીમ. બાળકોના પીતા સમા શ્રી ગીજુભાઈ બધેકાની વીદાય પછી તેમણે પ્રવૃત્તીમાં બળ પુર્યું. ગાંધી સ્મૃતી, સરદાર સ્મૃતી, છાત્રાલય, કુષ્ઠરોગની હોસ્પીટલ, બળવંતભાઈ મહેતા સ્મારક - આમ તમામ સંસ્થાઓ સાથે જોડાઈને સેવા કરતા રહ્યા.

**– જયાબહેન શાહ**

[**'જ્યોંકી ત્યોં ધરી દીન્હીં'** (જાદવજીભાઈ મોદી સ્મૃતીગ્રંથ)માંથી સાભાર. ગ્રંથની વીગતો માટે જુઓ 'નવું વાચન.']

❑

## સાંપ્રત

■ ઈન્દુકુમાર જાની

### કશ્મીરમાં ડીએસપીની હત્યા : 'મેરા દેશ બદલ રહા હૈ'

તમામ રાજકીય પક્ષો અને નેતાઓ રાષ્ટ્રપતીની ચુંટણીમાં વ્યસ્ત છે; વેપારીઓ અને એમના એસોસીએશનો જીએસટીનો વીરોધ કરી રહ્યા છે; સારા વરસાદની રાહ જોતા ખેડુતો ક્યાંક આત્મહત્યા કરી રહ્યા છે તો ક્યાંક દેવું માફ થાય તે માટે આંદોલનો કરી રહ્યા છે. રમઝાન મહીનાના છેલ્લા શુક્રવારે જુમ્માની નમાઝ પછી શ્રીનગરમાં ડીએસપી કક્ષાના અધીકારીને નગ્ન કરીને, પથ્થરોથી મારી મારીને તેની હત્યા કરવામાં આવી છે. કશ્મીરમાં પીડીપી અને ભાજપની મીલીજુલી સરકાર છે તેની જગ્યાએ કોંગ્રેસની હોત તો હોબાળો મચાવી દેવામાં આવ્યો હોત ! 'વીકાસ - વીકાસ'ના નારા નીચે શાંતી, કાયદો - વ્યવસ્થા, સલામતી દટાઈ ગયાં છે ! માત્ર 'મન કી બાત' જ નહીં, દીલની વાત કરું છું : આટલી બેચેની, અસહાયતા અને વાંઝીયા રોષના આલમમાંથી પસાર થવાનું ક્યારેય બન્યું નથી... એક વ્યંગકવીતા સોશ્યલ મીડીયામાં સાંભળવા મળે છે તેમાં કંઈક આ મતલબનું કહ્યું છે : પેટ ખાલી હૈ, યોગ કરવાયા જા રહા હૈ ! જેબ ખાલી હૈ, ખાતા ખુલવાયા જા રહા હૈ ! રહેને કો ઘર નહીં હૈ, શૌચાલય બનવાયા જા રહા હૈ ! બીજલી નહીં હૈ, ડીજીટલ ઈન્ડીયા હો રહા હૈ ! જાતીગત દીમાગ હૈ, સ્વચ્છ ઈન્ડીયા હો રહા હૈ ! સચમુચ મેરા દેશ બદલ રહા હૈ ! વડાપ્રધાન તરીકે ત્રણ વર્ષ પુર્ણ કર્યા તેની ખુશાલીમાં ખુદ નરેન્દ્રભાઈ આસામમાં સુત્રો પોકારાવે છે : अच्छे दिन आ गये है... એમને બે હાથ જોડીને કહેવું છે કે અમને જુના દીવસો પાછા આપો, દેશનો આજનો બદલાવ નથી જોઈતો, ખેડુતો - વેપારીઓ - આમ આદમી શાંતીથી જીવી શકે એવું કરો ભાઈસા'બ ! કશ્મીરમાં તરત શાંતી સ્થપાય એટલું કરો...

### રાષ્ટ્રપતીની ચુંટણી રસપ્રદ તો બની શકી...

એનડીએના રાષ્ટ્રપતીપદના ઉમેદવાર રામનાથ કોવીંદે આ લખાય છે ત્યારે ઉમેદવારી નોંધાવી દીધી છે. ઈન્દીરા ગાંધી અને નરેન્દ્ર મોદીમાં રહેલી સામ્યતાઓની ચર્ચા હવામાં ઘોળાય છે. વી. વી. ગીરીની ચુંટણી વખતે મતદારોનો અંતરાત્માનો અવાજ જાગી ઉઠ્યો હતો એવું બનવાની શક્યતા નથી. નમો પણ વોટબેંકનું રાજકારણ વધુ એકવાર ખેલી રહ્યા છે. બાકી, સહુ પ્રથમ લઘુમતી રાષ્ટ્રપતી (મુસ્લીમ / શીખ) - દલીત રાષ્ટ્રપતી અને મહીલા રાષ્ટ્રપ્રમુખનો રેકોર્ડ તો કોંગ્રેસના નામે નોંધાઈ ગયો છે. એનડીએની તરફેણમાં અંતીમ પરીણામ આવશે પરંતુ હાલ તો વીપક્ષી એકતામાં છીંડું પાડવામાં નરેન્દ્ર મોદી સફળ રહ્યા છે. મીરા કુમારની ઉમેદવારી જાહેર થવાથી રાષ્ટ્રપતીની ચુંટણી રસપ્રદ બની ગઈ છે.

### 'અમને કનીષ્ટ નોકરી'ઓ તો આપો...'

ખેડુતો - પશુપાલકો અને ગ્રામીણ સમાજમાં આક્રોશ ફાટી નીકળ્યો છે. ઠેર ઠેર ખેડુતો દેખાવો કરી રહ્યા છે, ખેતપેદાશો - દુધસહીત - રસ્તા પર ફેંકી રહ્યા છે. ખેડુતો મોટાપાયે ધરપકડ વહોરી રહ્યા છે, ચક્કાજામ થાય છે. ઉદ્યોગપતીઓના અબજો રુપીયાના દેવા માફ થાય છે પરંતુ નાણાંપ્રધાન અરુણ જેટલીએ સોઈ ઝાટકીને કહી દીધું છે રાજ્યો પોતાના હીસાબે ને જોખમે ખેડુતોના દેવા માફ કરે તો ભલે, કેન્દ્ર સરકાર રાતી પાઈ નહીં આપે. જોકે ખેડુતોની આ નારાજગી પાછળ લોકસભાની ચુંટણીસભામાં નરેન્દ્ર મોદીએ કરેલા ભાષણો જવાબદાર છે : 'ખેત ઉત્પાદન પાછળ થયેલા ખર્ચમાં પચાસ ટકા નફો ઉમેરીને તળીયાના ભાવ બાંધવા જોઈએ'... '2022 સુધીમાં ખેડુતોની આવક ડબલ કરાશે' વગેરે વગેરે. ખેતપેદાશ બજારમાં આવે ત્યારે જ ભાવ ગગડાવી દેવાય છે, પુરતા કોલ્ડ સ્ટોરેજ નથી, લોન માટે ખેડુતો આજેય ખાનગી દેવું કરે છે - આ સંજોગોમાં દેવું માફ કરવું તે એક માત્ર રસ્તો નથી. તમામ મુદ્દાઓને આવરી લેતી નીતી નક્કી કરવી જોઈએ. એક જમાનામાં 'ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર અને કનીષ્ટ નોકરી' ગણાતું હતું. આજે તે માન્યતામાં 'યુ-ટર્ન' આવી ગયો છે. પટાવાળાની સરકારી નોકરી માટે પણ અસંખ્ય અરજીઓ થાય છે. યુવાનોને ખેતી કરવી નથી, 'અમને નોકરી આપો' એવા નારા બુલંદ બની રહ્યા છે...

### ઉત્સવો અને ઉજવણીઓમાં મશગુલ સરકાર

ભારતીય જનતા પાર્ટીની સરકાર કેન્દ્રમાં હોય કે જુદા જુદા રાજ્યોમાં ... તમામ સ્તરે સતત ઉત્સવો અને ઉજવણીઓ જ ચાલ્યા કરે છે. પરંતુ પ્રશ્ન એ છે કે તેનાથી

બુનીયાદી સમસ્યાઓ હલ થાય છે કે કેમ, સાચો વીકાસ સીદ્ધ થાય છે કે કેમ ? જાતજાતની જાહેરાતો જોઈએ - સાંભળીએ - વાંચીએ તેમાં 'મુંગેરીલાલ કે હસીન સપનેં' જેવું હોય છે. દર વર્ષે એક કરોડ નોકરીઓ આપવાનું વચન ભાજપાએ જાહેર કરેલું. પરંતુ 2015ની વાત કરીએ તો ટેક્સટાઈલ, ધાતુઓ, ચર્મોદ્યોગ, ઓટોમોબાઈલ, જેમ્સ-જ્વેલરી, પરીવહન, ઈન્ફોર્મેશન ટેક્નોલોજી, હેન્ડલુમ જેવાં મુખ્યક્ષેત્રોમાં માત્ર 1.35 લાખ નોકરીઓ સર્જાઈ શકી છે. બીજી બાજુ દર વરસે વર્કફોર્સમાં 10 લાખ લોકો આવે છે. 'જોબલેસ ગ્રોથ'નો સીલસીલો ચાલુ જ રહેલ છે. જીડીપીમાં ભારતીય મેન્યુફેક્ચરીંગની ભાગીદારી માત્ર 16 ટકા છે, જ્યારે ચીનમાં આ ટકાવારી 35 ટકા છે. સમગ્ર વીશ્વના મેન્યુફેક્ચરીંગ ભણી નજર કરીએ તો જોવા મળે છે કે એમાં ભારતની ભાગીદારી 2 ટકા છે; જ્યારે ચીનની 22 ટકા છે ! 'મેક ઈન ઈન્ડીયા' સુત્ર જોરશોરથી ગાજે છે પરંતુ વાસ્તવીક હકીકતનો પર્દાફાશ કરતો એક દાખલો [સંદેશ : 23-6-2017] જોવા જેવો છે : પશ્ચીમ બંગાળ સ્થીત ઈશાપુરમાં રાઈફલ ફેક્ટરી દ્વારા નીર્મીત એસોલ્ટ રાઈફલની ટ્રાયલ લેવાઈ હતી. આ ટ્રાયલમાં તે નીષ્ફળ જતાં સૈન્યે તેને રીજેક્ટ કરી નાખી છે. 1988થી એકે 47 અને ઈન્સાસ રાઈફલનો ઉપયોગ ભારતીય લશ્કર દ્વારા થાય છે. વધુ આધુનીક રાઈફલનું મેન્યુફેક્ચરીંગ અનીવાર્ય છે પરંતુ તેમાં સફળતા મળી નથી.

કૃષીક્ષેત્રે અવીચારી નોટબંધીની માઠી અસરો પડી છે એ જ રીતે નાનાં અને મધ્યમ કક્ષાના ઔદ્યોગીક યુનીટો પર પણ બુરી અસર પડી છે. 'નવગુજરાત સમય'નો તા. 12-6- 2017નો હેવાલ જણાવે છે :

"નરેન્દ્ર મોદી સરકાર માટે ક્ષોભજનક સ્થીતીનું નીર્માણ કરી શકે તેવા એક અહેવાલમાં દેશની સૌથી મોટી સરકારી બેન્ક, સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડીયાએ કહ્યું છે કે નોટબંધીને કારણે દેશમાં મંદી છે અને આ મંદી હજી ચાલુ રહે તેવી શક્યતા છે. તેણે કહ્યું છે કે આનાથી તેની કામગીરીને પણ વીપરીત અસર થશે. આ પગલાંની ભારતીય અર્થતંત્ર પર લાંબાગાળાની અસર અનીશ્ચીત છે. પ્રાઈવેટ પ્લેસમેન્ટ થકી રૂ. 15,000 કરોડના શેરોના વેચાણ અગાઉ સંસ્થાકીય રોકાણકારોને સંબોધતાં બેન્કે કહ્યું હતું કે નોટબંધીથી આર્થીક મંદી આવી છે અને તેને કારણે મંદી વધુ લાંબાગાળા સુધી ચાલુ રહી શકે તેમ છે. આને કારણે બેન્કના વ્યવસાયને અસર થઈ શકે છે.

"સ્ટેટ બેન્કે જણાવ્યું હતું કે નોટબંધી પછી બેન્કોની કાસા (કરંટ એકાઉન્ટ અને સેવીંગ્સ એકાઉન્ટ) થાપણોમાં વધારો થયો હતો. સ્પર્ધા વધતાં જો બેન્ક સફળતાપુર્વક સ્પર્ધા નહીં કરી શકે તો વ્યાજના નેટ માર્જીન અને અન્ય આવક પર વીપરીત અસર થઈ શકે છે અને તેની નફાકારકતા ઘટી શકે છે.'

રાષ્ટ્રપતીની ચુંટણી સંદર્ભે અહીં વી. વી. ગીરીની ચુંટણી યાદ કરી છે; એનડીએ અને ભાજપ પર નરેન્દ્ર મોદીનો લોખંડી સકંજો છે તેમજ અડવાણી, સુષમા સ્વરાજ, મુરલી મનોહર જોશી નીચી મુંડીએ ટેકો આપી રહ્યાં છે, તેથી બળવો થવાની કોઈ શક્યતા જ નથી. જોકે ભાજપના પુર્વ મંત્રી અને વરીષ્ઠ પત્રકાર અરુણ શૌરીએ તો મોદી શાસનની ખુલ્લેઆમ ટીકા કરી જ છે. હવે ક્યાંક ક્યાંક ગણગણાટ શરુ થયો છે. રાજસ્થાનના ભાજપના ધારાસભ્ય ઘનશ્યામ તીવારીએ રાજ્યના મુખ્યમંત્રી વસુંધરા રાજેની ટીકા કર્યા બાદ, હવે નરેન્દ્ર મોદી પર નીશાન સાધતાં એનડીએ સરકારની ટીકા કરીને જણાવ્યું હતું કે, હાલની સરકારમાં ફક્ત અદાણી અને અંબાણી જેવા કોર્પોરેટ હાઉસોનો વીકાસ થઈ રહ્યો છે. [ગુજરાત ટુડે : 7-6- 2017] આમ આદમી પોતાની પીડાને વાચા આપી શકે એવા સંજોગો નથી. અભીવ્યક્તીની આઝાદીના ગળે ટુંપો દેવાઈ ગયો છે. મીડીયા ઉપર સંપુર્ણ કબજો છે એટલે ભાજપ કે એનડીએની સામાન્ય ટીકા થતી હોય તો બીજા દીવસે તે બંધ થઈ જાય એવી ગોઠવણ થઈ જાય છે. પ્રવેશોત્સવ, નર્મદાના નીરનાં વધામણાં, 19 હજાર પોલીસોના ખર્ચાળ બંદોબસ્તવાળી રથયાત્રા કઢાય તે ઠીક છે પરંતુ ગરીબી, બેરોજગારી, મોંઘું શીક્ષણ અને આરોગ્યસેવાઓ - બધું વીસરીને ઉત્સવો મનાવ્યા કરવાની પાછળની માનસીકતા છે : આજે જલસા કરો, કાલ કોણે દીઠી છે ?

## ગુડ્સ એન્ડ સર્વીસ ટેક્ષ (જીએસટી) અમલમાં...

ગુડ્સ એન્ડ સર્વીસ ટેક્ષ (જીએસટી) પહેલી જુલાઈથી અમલમાં આવે છે. એક સમાચાર મુજબ મોદી સરકાર સંસદના ઐતીહાસીક કેન્દ્રીય કક્ષમાં વીશેષ સમારોહની ઉજવણી કરશે. 1947માં આઝાદી મળી તે પર્વની અડધી રાતે જે રીતે ઉજવણી થયેલી, અદ્દલ તે રીતે જ થશે; વડાપ્રધાન સંબોધન કરશે... વધુ એક ઓચ્છવ ! જો કે યુપીએ સરકાર વેળા મનમોહન સીંઘ જીએસટી લાવવા માગતા હતા ત્યારે વીરોધ પક્ષ ભારતીય જનતા પાર્ટીએ દીવસો સુધી સંસદનું કામકાજ ચાલવા દીધું નહોતું ! એ સમયે જેનો જોરદાર

વીરોધ કર્યો તે હવે ઉજવણીલાયક બની ગયું ? જીએસટી પાછળનો 'વન નેશન, વન ટેક્ષ'નો સીદ્ધાંત તો ખોટો નહોતોને ?

મોટા ભાગના વેપારી એસોસીએશનોએ જીએસટીનો વીરોધ કર્યો છે, સજ્જડ બંધ પાળ્યો છે. જોકે મોદી સરકારે કશી દાદ આપી નથી, તે તો પોતાની ગતમાં આગળ વધી રહી છે. સોશ્યલ મીડીયામાં બે મુદ્દા વાજબીપણે ઉઠાવાઈ રહ્યા છે : (1) મોદી સરકાર ડીઝલ અને પેટ્રોલને કેમ જીએસટીમાં નથી આવરી લેતી ? હાલ આ બન્ને પર કેન્દ્રનો 23 ટકા અને રાજ્યનો 34 ટકા મળીને 57 ટકા જેટલો ઉંચો ટેક્ષ વસુલાય છે. હવે, જો જીએસટી લગડાય તો વધુમાં વધુ 28 ટકા જ ટેક્ષ લઈ શકાય. આવું થાય તો પેટ્રોલ 43 રુપીયે અને ડીઝલ 35 રુપીયે આપવું પડે ! (2) જીએસટી અંતર્ગત એવો કાનુન લાગુ થશે કે જેનાં રુલ્સ તૈયાર નથી, જે માટે વેપારીઓ રાજી નથી, સોફ્ટવેર તૈયાર નથી, ફોર્મ કે સરકારી તંત્ર સજ્જ નથી છતાં સરકાર કશુંય સાંભળવા માગતી નથી. જીએસટી નેટવર્કના ચેરમેને કબુલાત કરી છે કે નેટવર્ક કાર્યરત થતાં 15મી જુલાઈ આવી જશે.

એક મુદ્દો કે જેની ખાસ ચર્ચા થઈ નથી : કેન્દ્ર સરકારે જીએસટી અંતર્ગત દીવ્યાંગો માટે બ્રેઈલ કમ્પ્યુટરો તેમજ અન્ય સાધનો પર 5થી 18 ટકાનો ટેક્ષ લગાડ્યો છે. [કર્ટસી : ગુજરાત ટુડે, તા. 22-6-2017નો તંત્રીલેખ.] વડાપ્રધાને વીકલાંગોને બદલે 'દીવ્યાંગ' શબ્દ ચલણી બનાવ્યો. આમ કરીને તેઓએ શારીરીક - માનસીક તકલીફવાળા નાનપ ન અનુભવે તેવું વાતાવરણ પેદા કર્યું. પરંતુ જીએસટીમાં આ વર્ગ ભણી કશી રહેમ દાખવવામાં આવી નથી. તેમના સાધનો પર પણ ટેક્ષ લગાડ્યો છે, તેમને જીએસટીમાંથી મુક્તી આપી શુન્ય ટેક્ષની યાદીમાં મુકવા જોઈએ.

**નર્મદા ડેમ : લાજવાને બદલે ગાજવાનું સુઝે છે...**

ખર્ચાળ ઉજવણીઓ અને મહોત્સવો યોજવાની પરંપરામાં ભાજપાને એક નવો મુદ્દો મળી ગયો છે. તા. છઠ્ઠી જુલાઈથી ધામધુમ સાથે નર્મદારથ કાઢીને 10 દીવસ સુધી દરેક જીલ્લામાં તે ફેરવવામાં આવશે. કેન્દ્રમાં નરેન્દ્ર મોદી સરકારે સત્તાના સુત્રો સંભાળ્યા પછી 17મા દીવસે નર્મદા ડેમ ઉપર દરવાજા મુકવાની પરવાનગી આપી હતી પછી તરત જ તે કાર્ય સંપન્ન થઈ શક્યું હોત ! પણ ચુંટણી વખતે લાભ ઉઠાવવાનો હોવાથી છેક હવે દરવાજા મુકાયા ! નર્મદા યોજનામાં અક્ષમ્ય વીલંબ દરેક તબક્કે થઈ રહ્યો છે. માત્ર 458 કીમીની મેઈન કેનાલનું કામ પુરું થયું છે. બ્રાન્ચ કેનાલનું 94 ટકા, ડીસ્ટ્રીબ્યુટરીનું 90 ટકા, માઈનોર કેનાલનું 79 ટકા અને સબ માઈનોર કેનાલનું 57 ટકા કામ થઈ શક્યું છે. આમ કુલ 71,747 કીમી પૈકી 47,104 કીમી એટલે કે 66 ટકા કામ થયું છે; આશરે ત્રીજા ભાગનું કામ આટઆટલાં વર્ષ વીતવા છતાંયે બાકી છે. નર્મદા યોજનાનાં કામો સમયસર પુર્ણ ન થવા બદલ, ભાજપે લાજવું જોઈએ; તેને બદલે ગાજે છે. ગુજરાતમાં છેલ્લા 22 વર્ષથી સતત ભાજપની સરકાર છે, નરેન્દ્ર મોદીએ ખુદ 13 વર્ષ મુખ્યમંત્રી તરીકે શાસન કર્યું અને છતાં આજે 24,643 કીમી જેટલી કેનાલ બાંધવાનું કામ બાકી છે ! હવે એવી જાહેરાત થઈ છે કે 'સૌની યોજના' અંતર્ગત 24 ડેમ નર્મદાના જળથી ભરવામાં આવશે. પ્રથમ તબક્કામાં રુ. 515.62 કરોડના ખર્ચે એક વર્ષમાં બે ડેમ ભરી શકાયા છે; તેમાં 313 MCFT પાણી ઠલવાયું. [દીવ્યભાસ્કર : 19-4-2017] 24 જળાશયો ભરવા માટે 10587 MCFT પાણીની જરુરીયાત છે. નર્મદા યોજનામાં સમયબદ્ધ કામ થયું હોત તો ગુજરાત નંદનવન હોત, ધન-ધાન્યના ભંડારો ભર્યા હોત ! ખરેખર તો આ વીલંબ ગુનાઈત બેદરકારીનો નાદર નમુનો છે !

**21મી જુને આંતરરાષ્ટ્રીય યોગ દીવસની ઉજવણી...**

21મી જુને સમગ્ર વીશ્વે આંતરરાષ્ટ્રીય યોગ દીવસની ઉજવણી કરી. યોગ તો દીનચર્યાના ભાગ રુપે કરવાની ક્રીયા છે, જે ઘરમાં જ કરવાની હોય. વીશ્વવીક્રમ સ્થાપવા માટે તેનો જાહેર દેખાડો ન હોય. ગુજરાતમાં તો તેની ઉજવણી (!) ચાર દીવસ ચાલી. બાબા રામદેવના બેનર્સ સેંકડોની સંખ્યામાં લાગેલા જોવા મળ્યા. મોદી સરકાર આવતાં બાબા રામદેવનું તો કલ્યાણ થઈ ગયું છે. પતંજલીની જાહેરાતો દ્વારા તેઓ મીડીયામાં છવાઈ ગયા છે. વળી, એ કંપનીના ઉત્પાદનોનો કારોબાર અબજો રુપીયાનો થયો છે. પતંજલીનું આમળા જ્યુસ લેબ ટેસ્ટમાં ફેઈલ જવાથી સૈન્યની કેન્ટીનમાં તેના વેચાણ પર પ્રતીબંધ લદાયો છે. નેપાળમાં પણ કેટલીક ચીજો પ્રતીબંધીત થયાના સમાચારો જાણવા મળ્યા હતા.

23 વીશ્વવીક્રમોની સાથે અમદાવાદના પાંચ ગ્રાઉન્ડમાં ત્રણ કલાકના યોગ-ડે સેલીબ્રેશન પાછળ વીસ કરોડ રુપીયાથી પણ વધુ ખર્ચ કરાયાનો રેકર્ડ સર્જાયો છે. [સંદેશ : 23-6-

2017] રુ. 800ની એક એવી યોગમેટ પાછળ રુ. 10 કરોડ ઉપરાંત જીએમડીસી ગ્રાઉન્ડમાં 18,10,400 ચોફુટમાં પાથરેલી ગ્રીનનેટ, સાઉન્ડ, લાઈટીંગ અને સ્ટેજ પાછળ રુ. 4 કરોડ ખર્ચાયા છે. શીક્ષણ વીભાગે રુ. 50 લાખ, યુવક સેવા અને સાંસ્કૃતીક વીભાગે રુ. 2.98 કરોડ, માહીતી વીભાગે રુ. 1.40 કરોડ ખર્ચ કર્યાનું જાણવા મળે છે. એસટી નીગમને એક બસના એક કલાકના રુ. 650 લેખે 18 કલાકના રુ. 11,700 લેખે રુ. 1.75 કરોડ સરકાર ચુકવશે એમ આ હેવાલમાં જણાવાયું છે. યોગદીવસે ભોપાલમાં મધ્યપ્રદેશના ખેડુતોએ હાઈવે પર વીરોધ પ્રદર્શન રુપે શવાસન કર્યું, તો એમપીના જ કૃષીમંત્રી ઉંઘતા અને બીજા મંત્રી મોબાઈલ પર વાતચીતમાં વ્યસ્ત જોવા મળ્યા. [ગુજરાત ટુડે : 22-6-2017] બીજી બાજુ પ્રાથમીક શાળાઓમાં 2010થી વ્યાયામ શીક્ષકોની ભરતી જ નથી થઈ. 5 ટકા સીપીએડ શીક્ષકની જોગવાઈ પણ 2012માં રદ કરવામાં આવે છે. કાલાવડ તાલુકાના ખેડુતોએ ખેતીનાં સાધનો સાથે યોગનો અનોખો વીરોધ કર્યો. 'ખેડુતોને નહીં રહેવાનાં ઠેકાણાં, શાને ગાવ છો વીકાસના ગાણાં'... 'ઉદ્યોગોને લહાણી, ખેડુતોનું જીવન કર્યું ધુળધાણી' જેવી નારાબાજી સાથે ખેડુતોએ રોષ પ્રગટ કર્યો... બાળકોને અડધી રાત્રે જગાડીને વાલીઓ, શીક્ષકો, બાળકોને પરેશાન કર્યા ! યોગદીવસમાં રુ. 20 કરોડથી વધારે ખર્ચ થયો હશે તો આરોગ્ય વીભાગમાં ખર્ચ પડાશે, પછી ભલેને ગરીબોની દવા-સારવારના ખર્ચમાં કાપ આવે !

## ગાંધી આશ્રમ શતાબ્દીની નીરસ ઉજવણી

17મી જુને ગાંધી આશ્રમની શતાબ્દી ઉજવાઈ ગઈ. ગાંધીજીએ સ્થાપેલી / એમની સ્મૃતી સાથે સંકળાયેલી 8 સંસ્થાઓના ઉપક્રમે યોજાયેલો આ કાર્યક્રમ નીરસ અને નીરાશાજનક રહ્યો. ગાંધીજીના પૌત્ર ગોપાલકૃષ્ણ ગાંધી એમાં અતીથી વીશેષપદે હતા પણ પ્રમુખપદે સ્થાપી એમનું પ્રવચન છેલ્લે રાખ્યું. એટલે જેઓ એમને સાંભળવા આવ્યા હોય તેઓ છેક સુધી ફરજીયાત બેસી રહ્યા. આશ્રમશાળા/ છાત્રાલયના બાળકો - કુમારો, કન્યાઓને હાજરી દેખાડવા માટે બેસાડવાની જરુર નહોતી. 32 મીનીટ તો સર્વધર્મપ્રાર્થના - ભજન - ધુનમાં ગઈ. પછી કાર્ડમાં આશ્રમની સ્થાપના વીશેની વીગત હતી જ તેમ છતાં પા કલાકથી વધુ તે બધું કહેવાયું. ગૌશાળા ટ્રસ્ટની માહીતી અપાઈ પણ આજે ગાયોની કેવી સ્થીતી છે અને તેનો ધાર્મીક - રાજકીય દુરુપયોગ થઈ રહ્યો છે તે વીશે કશુંય કહેવાથી વક્તા દુર રહ્યા. એકમાત્ર ઈલાબહેન ભટ્ટનું પ્રવચન સાંપ્રત પરીસ્થીતીને સાંકળી લેતું હતું : 'આજે ગાંધીજીના આ આશ્રમને 100 વર્ષ થયા તેની ઉજવણીમાં આપણે સહભાગી થયા એ સારી વાત છે. આજે આશ્રમ તો છે પણ જીવનમુલ્યો ક્યાં છે તેનું દુઃખ છે. મને આશ્રમની શતાબ્દીના આ સમારોહમાં ગ્લાની પણ થાય છે કે આપણે ગાંધીવીચારને કોરાણે મુકી દીધો છે. આજની અતી ફાસ્ટ લાઈફમાં જાણે કે માણસો પોતાના સ્વાર્થ માટે જ જીવતાં જણાય છે. બીજાના માટે જીવવાનો કોઈ પાસે સમય નથી. ગાંધી તો આપણી સાથે છે, પણ આપણે ગાંધી સાથે છીએ ? આજે ગાંધીવીચાર, રાષ્ટ્રવીચારથી અલગ હોય એવી સ્થીતી ઉભી થઈ છે. મને તો આ ગરીબો પાસે અપેક્ષા છે કે તે કંઈક કરશે.' પત્રીકા મુજબ 6-30 કલાકે કાર્યક્રમ સંપન્ન થનાર હતો. ગોપાલકૃષ્ણજી બોલવા ઉભા થયા ત્યારે 7 વાગવા આવ્યા હતા; સામે બાળકો તાપમાં, નીચે બેઠાં હતા. આયોજક સંસ્થાઓને મંડપ પાછળ ખર્ચ કરવાની જરુર નહોતી લાગી. ગોપાલકૃષ્ણજીએ સભામાં આવતી વખતે જે વીચાર્યું હશે તે બોલ્યા જ નહીં હોય એવી મારી છાપ છે. એમણે બાળકોને સંબોધીને જ વાત કરી, બાળકો ત્રાસમાંથી છુટે એની એમને ચીંતા થતી હશે. એમણે ટ્વીન્કલ ટ્વીન્કલ લીટલ સ્ટાર ગીત બાળકોને સમજાવ્યું, 'આકાશમાં ટમટમતા તારલાઓ જોઈને થાય કે આપણે એક તારલો જ છીએ, તે પ્રકાશને ભીતરમાં ફેલાવવાની જરુર છે. જો આપણે આપણા પોતાનામાં સત્યને પ્રતીષ્ઠીત કરીશું તો ગાંધીજી આપણામાં જ છે ! જ્યારે એક વ્યક્તી, અન્ય વ્યક્તીને મદદ કરે છે, ત્યારે ત્યાં ગાંધી હાજર હોય છે. જ્યારે કોઈને અન્યાય થતો હોય ત્યારે કોઈ તેની સામે અવાજ ઉઠાવીને ન્યાયની માંગણી કરે છે, તો ત્યાં ગાંધી છે. જ્યાં તેમની જરુર છે ત્યાં બધે જ ગાંધી છે.'

આશ્રમમાં ગાંધીજીએ દલીતોને વસાવેલા પરંતુ વક્તા તરીકે એક પણ દલીત નહીં ! દલીતોની અટકાયત કરવામાં આવી, દલીતોએ જે બેનર્સ રાખેલા તેના સુત્રો વાંચીને માથું શરમથી ઝુકી જાય ! છેલ્લે સંગીત સંધ્યામાં વીધા રાવનો કાર્યક્રમ હતો; તે રદ થયો કે અન્યત્ર યોજાયો તેની કશી જાણકારી અપાઈ નહીં. અત્યંત નીરાશાજક કાર્યક્રમ બની રહ્યો...

❑

# ચીનમાં 'દંગલ' 1100 કરોડ પ્લસ !

**યશવન્ત મહેતા**

ગઈ કાલે (તા. 10-6-2017) મારા દીકરાએ જણાવ્યું કે આમીરખાનની ફીલ્મ 'દંગલ'નો ચીનમાં તા. 6 જુન સુધીનો વકરો રૂ. 1,116 કરોડ થઈ ગયો છે. આ લેખ લખું છું એ દરમીયાનમાં એ કેટલો વધી ગયો હશે ? વધ્યો તો હશે જ. તા. 4 જુનના 'એક્સપ્રેસ'માં રૂ. 1,000 કરોડનો આંકડો હતો.

અને આ તો એકલા ચીનનો વકરો છે. ભારતમાં અને અન્ય દેશોમાં એણે કેટલી બધી ધુમ મચાવી છે, એ સૌ જાણે છે. અમારા ઘરમાં દસ વર્ષની દીકરી છે. એણે ઘરના ટીવીમાં 'દંગલ' રેકોર્ડ કરી રાખી છે અને તક મળતાં જ એ જુએ છે. એવું અસંખ્ય ઘરોમાં છે. ટીવીની એક યા બીજી ચેનલ પર અને થીએટરોમાં એ ચાલ્યા જ કરે છે. અને 'દંગલ' અન્ય ફીલ્મો સાથેની દંગલમાં સર્વથા વીજેતા નીવડી છે. સૌથી વીશેષ ચીનમાં !

જે દીવસોમાં 'દંગલ' રજુ થઈ એ જ દીવસોમાં અન્ય પણ અનેક રજુ થઈ. જો કે કાન ફાડી નાખે એટલા ઘોંઘાટ સાથે 'બાહુબલી' પણ રજુ થઈ. એના 'ટ્રીક' સીન્સ માટે કેટલા કરોડ ખર્ચાયા... એના વીરાટ સેટ્સ પાછળ કેટલા કરોડ ખર્ચાયા... એની તૈયારીઓમાં કેટલા હજાર લોકો સંકળાયા... એના નીર્માણ પાછળ સેંકડો કરોડ રુપીયા ખર્ચાયા... વગેરે વગેરે પ્રચારાત્મક સમાચારો વહેતા કરવા ઉપરાંત 'કટપ્પાને બાહુબલી કો ક્યોં મારા ?' એ પ્રશ્ન ખડો કરીને જબરદસ્ત ઈંતેજારી જગાડવામાં આવી. એ પ્રશ્ન ભલભલાને જવાબ શોધવા લલચાવે એવો હતો, કારણ કે કટ્પ્પા પ્રારંભથી જ બાહુબલીનો શુભેચ્છક તરીકે પેશ આવ્યો હતો. કટપ્પા એને સગા મામાની જેમ ચાહતો દર્શાવવામાં આવેલો. એ જ આ કથાના આદર્શ (આઈકૉનીક) પાત્રને શા માટે મારે ? કરોડો લોકોનાં મન આ પ્રશ્નનો જવાબ મેળવવા ઉત્સુક કરાયાં હતાં. આથી જ, 'બાહુબલી' જેવી રજુ થઈ કે તરત જ એણે અબજોનો વેપાર કરવા માંડ્યો.

અલબત્ત, હવે જણાય છે કે અતી ભારે ખર્ચ, અતી ભવ્ય ટેક્નોલોજી, અતી ઉગ્ર યુદ્ધદૃશ્યો વગેરે વળતર તો ખુબ આપે છે, છતાં સાવ સાદી વાર્તા, સાવ સાદાં કલાકારો, સાવ સહજ બજેટ, ભવ્યતાની સાવ ગેરહાજરી સાથે હૃદયસ્પર્શી અને વાસ્તવીક અભીગમની મુફલીસ પાત્રોની સાવ ટેક્નોલોજીરહીત ફીલ્મ આગળ નીકળી શકે. 'બાહુબલી' કરતાં 'દંગલ'ના આદર્શવાદી વાસ્તવની વીશેષ સફળતા એક વાતનો અહેસાસ આપે છે કે સર્વમાનવીય સમાનતા, સમાન તક, માનવીય ગૌરવ માટેનો હીન્દી (અને ચીનની) જનતાનો પ્રગતીશીલ વીશ્વાસ હજુ અકબંધ છે. કાલેલકર કાકાએ લખેલું ને : અનીષ્ટનાં અને પ્રત્યાઘાતનાં પરીબળો થોડોક સમય બળવાન બની ગયેલાં લાગે, પરંતુ આખરી જીત સત્યની છે.

એ વાત ખરી કે 'બાહુબલી' અને 'દંગલ' કાંઈ હરીફ નહોતાં. કોઈએ પરસ્પર સ્પર્ધાની જાહેરાત કરી નહોતી. ફીલ્મો બનાવનારાઓમાં હજુ ફલાણા-મુક્ત કે ઢીંકણા-મુક્ત ફીલ્મ- ઉદ્યોગના નારા શરુ થયા નથી. વળી, એક રજવાડી કથા અને એક નારી-સશક્તીકરણની સાવ આમ જનતાની કથા. એટલે એ દૃષ્ટીએ પણ એમની સરખામણીને બહુ અવકાશ નથી. બન્નેએ એ કેટલો વકરો કર્યો, એવી દૃષ્ટીએ, એવા દૃષ્ટીકોણથી સરખામણી જરુર કરી શકાય. એ દૃષ્ટીએ 'દંગલ' એકંદરે 'બાહુબલી' કરતાં આગળ નીકળી ગયેલ છે. હા, સ્વયં ભારતમાં 'બાહુબલી'નો વકરો વધારે છે. (એસ્તો ભારતીય જનતા માનવીય વીકાસમાં કયે તબક્કે છે એનું ઉદાહરણ છે.)

આમ છતાં, બન્ને ફીલ્મોને કેટલેક મુદ્દે સરખાવી પણ શકાય. 'દંગલ' કશીક ઝાકઝમાળ કે બનાવટી દૃશ્યો વગરની પુર્ણપણે વાસ્તવીક અને માનવતાવાદી ફીલ્મ છે. 'બાહુબલી'માં માની ન શકાય એવાં દૃશ્યો તથા કૃત્યો અને આંજી નાખતા ધન-દેખાડા છે. 'દંગલ' આમ આદમીઓની કથા છે. 'બાહુબલી' પૌરાણીક લાગે એ હદે રજવાડી અને તદ્દન કલ્પીત, તરંગાધીન અને જાદુઈ લાગે એવી ઘટનાઓથી ઠસોઠસ ભરેલી છે. 'દંગલ'માં માત્ર કુસ્તીની તાલીમ અને સ્પર્ધાઓ છે, જ્યારે 'બાહુબલી'માં સતત મારકાપ જ છે - એટલે કે સુધી કે કથાનાયક ગણાય એવા પાત્રની પણ હત્યા છે. 'બાહુબલી'માં ગમી જાય એવી અને પ્રબળ અભીમાન ધરાવતી સ્ત્રીઓ છે તો 'દંગલ'માં અમોઘ, અપ્રતીમ આત્મવીશ્વાસ ધરાવતી કીશોરીઓ છે. જુજ વીકૃતમાનસ

લોકો સીવાય સૌ કોઈને ગમી જાય એવી એ દીકરીઓ છે. 'બાહુબલી'માં રજવાડી સ્વાર્થ અને સત્તાલોલુપતાના ખેલ છે, 'દંગલ'માં માનવીય ગૌરવ અને કુળગૌરવની સ્થાપના માટેનો અવીરત પરીશ્રમ છે... આમ, દરેક મુદ્દે 'દંગલ' માનવ્યની કથા બની રહે છે, જ્યારે 'બાહુબલી' તદ્દન જુનવાણી અને તરંગી વાર્તા બને છે.

આપણા દેશમાં (જેમ દુનીયાભરમાં) સીનેમાનાં અનેક વહેણ રહ્યાં છે અને તે સમાંતરે વહ્યાં છે. 'અછુત કન્યા' કે 'રોટી' કે 'હમલોગ' જેવી વંચીતોના અવાજને બુલંદ કરતી ફીલ્મો મુંબઈમાં બની છે. કલકત્તામાં જીવનની કસોટીઓ રજુ કરતી વાસ્તવવાદી ફીલ્મો બની છે. સામાજીક સમસ્યાઓને લઈને અનેક ફીલ્મો બની છે : વીધવાપ્રથા સામે મશાલ ધરતી 'સીંદુર' જેવી ફીલ્મો બની છે. એક વહેણ પ્રેમકથાનું રહ્યું છે, જે સ્વાભાવીક છે. ઉપરાંત કેટલીક રાષ્ટ્રવાદી ફીલ્મો પણ બની છે. પરંતુ માત્ર મનોરંજન માટે ભવ્ય મોટા સેટસેટીંગ્સનો ચસકો દક્ષીણ ભારતને છે. અમને બરાબર યાદ છે કે મુંબઈમાં જે જમાનામાં પુરી ફીલ્મ પંદર-વીસ, પચીસ હજારમાં બનતી ત્યારે મદ્રાસ (ચેન્નઈ)ના જેમીની સ્ટુડીઓએ સાઠ હજારને ખર્ચે 'ગંજાવર' ફીલ્મ 'ચન્દ્રલેખા' બનાવી હતી ! એમાં એક એક મોટા નગારા પર એક એક છોકરી નાચતી હોય એવા અનેક નગારાવાળા 'નગારાનૃત્ય'ને જોઈને તો દેશ હેરત પામી ગયો હતો. એના યુગની એ મોંઘામાં મોંઘી ફીલ્મ હતી. પરંતુ આખરે એ હતી તો રજવાડી જ ફીલ્મ ! રજવાડી પોશાક, રજવાડી તલવારબાજી, રજવાડી કાવતરાંબાજી, રજવાડી પ્રેમ... જે લોકો જીંદગીના વાસ્તવથી દુર નાસવા માગતા હોય એવા લોકો માટેની એ ફીલ્મ હતી. અલબત્ત, એણે એ પ્રકારની 'ભવ્ય' સેટીંગ્સવાળી ફીલ્મોનો દોર શરુ કર્યો હતો. અમને બરાબર યાદ છે કે અખબારોમાં ફીલ્મોની જાહેર ખબરો લખનારાઓએ આ પ્રકારની ફીલ્મોને 'પોશાકચીત્ર' કહેવાનું શરુ કર્યું હતું. બસ, ભવ્ય લાગે એવા પોશાક અને અંદર કશું જ નહીં ! કશો નક્કર જીવનસંદેશ તો દુર રહ્યો, નક્કર વાસ્તવ પણ નહીં ! આજનું 'બાહુબલી' નવી ટેક્નોલોજી સાથેનું 'ચન્દ્રલેખા' છે. વીશેષ કાંઈ નહીં. એનાં પાત્રો સાથે વર્તમાન જીવનમાંથી કોઈપણ વ્યક્તી આત્મીયતા કે પોતાપણું અનુભવી ન શકે. હા, એનાં પાત્રો પુરાણકથાઓનાં પાત્રો જેવાં છે ખરાં. કદાચ એટલે જ હમણાં કોઈક ભાજપાઈ સજ્જને ઉચ્ચાર્યું છે કે 'બાહુબલી', 'ભારતીય સંસ્કૃતી'નું

***આ**મ, દરેક મુદ્દે 'દંગલ' માનવ્યની કથા બની રહે છે, જ્યારે 'બાહુબલી' તદ્દન જુનવાણી અને તરંગી વાર્તા બને છે.*

પ્રતીબીંબ છે.

ત્યારે 'દંગલ'ને સૌથી વધુ આવકાર ક્યાં મળ્યો ? ચીનમાં ! તાજેતરમાં કઝાખસ્તાન ગયેલા ચીનના વડાપ્રધાન જીનપીંગ શીએ ભારતના વડા પ્રધાનને કહ્યું કે મેં 'દંગલ' જોઈ. મને બહુ ગમી. ('ટાઈમ્સ', તા. 11-6-2017) એમને ગમી અને એમના સામ્યવાદી દેશને ગમી. હમણાં અમે ચીનના શાંગહાઈ પાસેના એક શહેરમાં અધ્યાપન કરતાં બહેન રુપા સ્વામીનાથનનો 'દંગલ' વીશેનો લેખ જોયો. પુરી લંબાઈના આ લેખમાં રુપાબેન આંકડા તો આપે છે : પુરા ચીનમાં 9000 જેટલા પડદા પર 'દંગલ' રજુ થઈ. કેટલાંક થીયેટરોમાં તો એના છ-છ શો રાખવા પડ્યા. એણે એ તારીખ સુધીમાં ચીનમાં રુ. 1000 કરોડનો વકરો કર્યો.

રુપાબેન જણાવે છે કે ચીનમાં આમીરનું 'પીકે' અને 'થ્રી ઈડીઅટ્સ'ને પણ જબ્બર આવકાર મળ્યો છે. 'પીકે'નો વકરો રુ. 96 કરોડ જેવો હતો. પરંતુ 'દંગલે' આ બધાથી અનેક ગણી લોકપ્રીયતા હાંસલ કરી છે. ના, ચીનમાં ભારતીય ફીલ્મોનું બહુ મોટું બજાર નથી. પરંતુ 'દંગલે' ચીની જનતાના હૃદયના કોઈક તારને એવા ઝંકૃત કરી દીધા છે કે એમને અહીં પોતાપણું લાગે છે. શું કારણ ? રુપાબેનનાં વીદ્યાર્થીઓએ જાતજાતની વાતો કરી છે. કહ્યું છે કે ચીનમાં પણ છેક પ્રાચીન કાળથી સ્ત્રીને સેકંડ ક્લાસ માનવી ગણવાની પ્રણાલીકા છે. સ્ત્રીને બનતાં સુધી રસોડા અને બેડરુમમાંથી અને એથી બહાર નીકળે તો ઘરના મુખ્ય દ્વારની બહાર નીકળવાની છુટ નહોતી. સામ્યવાદી ક્રાંતીએ ઘણી નવી આશા જગાડી, પરંતુ સમાજની પ્રણાલીપરસ્તી બહુ બળવાન હોય છે. ચીની નારી વળી કેટલીક જુની બેડીઓમાં જકડાઈ રહી છે. ઘરમાંથી બહાર નીકળીને કલા, સંસ્કૃતી, રમતગમત, ઉદ્યોગ-વ્યાપાર, જાહેર જીવનમાં ભુમીકા ભજવવી છે. પણ કેટલીય રુંધામણો અનુભવાઈ રહી છે. આથી, કુસ્તી જેવા, પ્રણાલીકાગત રીતે પુરુષોના ગણાતા ક્ષેત્રમાં નારીની સફળતાની વાર્તા ચીની યુવતીઓને ખુબ સ્પર્શી રહી છે. રુપાબેનની વીદ્યાર્થીનીઓ આ મુદ્દા પર ખાસ ભાર મુકે છે.

અન્યથા પણ, આજકાલના વૈશ્વીક રાજકારણે ભલે દીવાલો ખડી કરી હોય, ભારત અને ચીન હજારો વર્ષોથી

એકસરખી હૃદયધડકન ધરાવે છે. એ તો ભારતમાં બ્રાહ્મણધર્મ પુન: મેદાન મારી ગયો. નહીંતર આ બે વીરાટ દેશો ધર્મની રીતે, બૌદ્ધ ધર્મની સમાનતાની રીતે પણ બંધાયેલા હોત. મેઘાણીએ ચીનને અમસ્તો જ 'આપણો મહાવીર પડોશી' કહ્યો ન હોત.

ખરી વાત એ છે કે સામાન્ય માનવીનાં સુખદુ:ખ, ઈચ્છા, એષણા, મહત્ત્વાકાંક્ષા, પીડા, સંઘર્ષ દર્શાવતી કલાકૃતીઓ જ વધારે લોકોને સ્પર્શે છે. ગઈ સદીના પચાસ-સાઠ-સીત્તેરના દાયકાઓ દરમીયાન રાજ કપુર અને નરગીસ પુરા સોવીયેત સંઘમાં ઘરઘરનાં નામ હતાં, કારણ કે 'આવારા', 'આહ', 'જાગતે રહો', 'મેરા નામ જોકર', 'જીસ દેશ મેં ગંગા બહેતી હૈ' વગેરે જેવાં ચલચીત્રોએ એ રાષ્ટ્રસમુહની આમ જનતામાં સહઅનુભુતી કે સહ-એષણા જન્માવી હતી. આજે આમીર પણ રાજકુપરને માર્ગે છે. 'પીકે'નું ધર્મ-વીશ્લેષણ, 'તારે ઝમીન પર'નું વીશીષ્ટ માનસીકતાવાળાં બાળકો માટેનું પુન:ચીંતન, 'થ્રી ઈડીઅટ્સ'નું શીક્ષણસંબંધી ચીંતન સમગ્ર પુર્વને સ્પર્શી જાય એવું છે. ભારતમાં અને પુર્વના સૌ દેશોમાં સંસ્કાર-વીચારનાં વળતાં પાણી છે. હજારો વર્ષોના વીજ્ઞાનવીહોણા જીવનને પુન:જાગ્રત કરવાની ધુન વળગી છે. તમામ પ્રકારના વૈજ્ઞાનીક - તાર્કીક રેશનલ -સેક્યુલર વીચારોને દફનાવી દેવાની ઘેલછા જાગી છે. એવા સંજોગોમાં 'પીકે' જેવા વીચારપ્રેરક ધક્કાની ખુબ જરુર છે. 'દંગલ' જેવા નારી મહીમાના સંદેશની ખુબ જરુર છે. 'બાહુબલી' જેવી, સ્વપ્ને જ શક્ય એવા ભવ્યાતીભવ્ય ઝાકઝમાળ તો અજ્ઞાનનીદ્રાને વધારે ઘેરી બનાવે.

અમે માનીએ છીએ કે આજના આપણા માહોલમાં 'પીકે' અને 'દંગલ' જેવી વધુ ને વધુ ફીલ્મો બનવી જોઈએ.

yeshwant.mehta.1938@gmail.com

❑

# કંઈક વીશેષ

**મંજરી મેઘાણી**

## સ્વચ્છ શહેર ઈન્દોર

2014માં થયેલ 'સ્વચ્છ સર્વેક્ષણ' મુજબ દેશના 476 શહેરોમાં ઈન્દોર શહેર 149મા ક્રમે હતું. પરંતુ 35 લાખની વસતી ધરાવતું આ શહેર બે જ વર્ષની અંદર, 2017ના સર્વેક્ષણમાં સૌથી સ્વચ્છ શહેર તરીકે નંબર એક બન્યું છે. જાહેરમાં ગંદકી કરતાં બે જણાંને રોકવા બદલ દીલ્હીના એક ટેક્સી-ડ્રાઈવરને મરતાં સુધી માર મરાયો. ઘણા ભારતીયોને જાહેરમાં કોઈ ટોકે એ વાત સહન નથી થતી. પણ જાહેર ચોખ્ખાઈને મુદ્દે ઈન્દોર એક ચમકતા શહેર તરીકે ઉભરી આવ્યું છે. ધંધા અને શીક્ષણને ક્ષેત્રે જાણીતા આ શહેરે આવી સીદ્ધી કેવી રીતે મેળવી ?

'ડબ્બા-ચળવળ', શહેરના સ્વયંસેવકોની ફોજ, એનજીઓ, તથા નીષ્ણાતોએ આ શહેરને સ્વચ્છ બનાવવામાં મોટો ફાળો આપ્યો છે. 1915-16માં મ્યુનીસીપાલીટીએ જાહેર તથા કમ્યુનીટીના શૌચાલયો, 'મોબાઈલ' શૌચાલયો વગેરે રીપેર કરાવ્યા, નવાં બનાવ્યાં. 'ઈકો પ્રો ઈન્વાયરન્મેન્ટલ સર્વીસીઝ' ઈન્દોર મ્યુની. કોર્પોરેશનની સલાહકાર નીમાઈ. સૌથી મોટો પડકાર લોકોને આ સગવડનો ઉપયોગ કરવા માટે સમજાવવાનો હતો.

'ડબ્બા' ટોળકીના યુવા સ્વયંસેવકોએ ટીનના ડબ્બામાં પરચુરણના સીક્કા મુકી 'રોકો અને ટોકો' પ્લાન શરુ કર્યો. જે લોકો જાહેરમાં ગંદકી કરતા દેખાય ત્યાં જઈને ડબ્બો ખખડાવી, અવાજ કરીને લોકોને ચેતવે. એ માટે એમને સવારે પાંચ કે ચાર વાગે પણ નીકળવું પડતું. આ ટોળકીને જોતાં જ લોકો ભાગતા, તો ટોળકી તેમના ઘર સુધી પીછો કરતી, ને દંડ વસુલ કરતી. શહેરની એનજીઓ 'બેઝીક્સ મ્યુનીસીપલ વેસ્ટ વેંચરે' આ કામ ઉપાડ્યું. નાનાં બાળકોની 'વાનરસેના' પણ જાહેરમાં ગંદકી કરનારને ભગાડવા લાગી. થોડા જ મહીનાઓમાં શહેર આખું 'જાહેર ગંદકી મુક્ત' બની ગયું !

તે પછી કચરાનો પ્રશ્ન હાથમાં લેવાયો. ઈન્દોરમાં રહેઠાણો અને વેપારી સંકુલોમાંથી રોજનો 1,000 મેટ્રીક ટન કચરો ભેગો કરાય છે. 2015માં શરુ થયેલ ઘર-ઘરમાંથી કચરો એકઠો કરવાનું કામ એટલું વ્યવસ્થીત ચાલ્યું કે લગભગ એક વર્ષમાં જ શહેરનો 100 ટકા કચરો ઉપાડવાનું કામ થવા લાગ્યું, જેમાંથી 30 ટકા જેટલા કચરાનું વર્ગીકરણ કરવાનું કામ પણ થયું.

નાની કચરાગાડીઓ ઘેર-ઘેર જાય, એમાં એનજીઓ તથા મ્યુનીસીપાલીટીના કર્મચારીઓ પણ હોય. પોતાને કચરો આપવા એ લોકો ઘરના સભ્યોને પ્રોત્સાહીત કરે. શહેરની ખાલી જમીનો સાફ કરાઈ, દબાણો હટાવાયા, અને જાહેરમાં ગંદકી કરનાર કે થુંકનારને ત્યાં જ દંડ કરાયો. કચરો કરનાર નાનો માણસ હોય કે મોટું નામ - દંડ તો દરેકે ભરવો જ પડશે એવા મ્યુની. કમીશ્નર શ્રી મનીશ સીંઘના આદેશનો કડક

અમલ થયો. રુ. 80 લાખ દંડ રુપે વસુલાયા.

જે ઘરની બહાર કચરો દેખાય ત્યાં 'બેઝીક્સ' એનજીઓના કાર્યકરો પહોંચી, એ કચરો વીંખીને એમાંથી કચરો નાખનારના નામ-સરનામાં ગોતી કાઢે, અને એમની પાસે જઈને દંડ વસુલ કરે. લગ્ન કે ધાર્મીક વરઘોડા તથા રેલીઓ પણ આમાંથી બાકાત નહોતા. કચરો કરનારાના નામો શ્રી સીંઘ જાહેર કરીને એમને શરમાવતા. છેવટે લોકોને સમજાયું કે, આમાંથી છટકવાનો કોઈ રસ્તો નથી, ત્યારે પછી સૌએ પોતાની ભુલો સુધારી. કેટલાંક સ્વયંસેવકો ગાંધીજી જેવી વેશભુષા પહેરીને લોકોને કચરો ન કરવા સમજાવતા. સૌથી મોટી સીદ્ધી ગેરકાયદે ચાલતા પશુઓના આશ્રયસ્થાનોને શહેરની બહાર કાઢી દેવાની હતી. રખડતી ગાયોનો પ્રશ્ન પછી રહ્યો નહીં. સત્તાવાળાઓ પર એ માટે સરકારી દબાણ તો આવ્યું, પણ છેવટે કમીશ્નરની વાત સૌએ સ્વીકારી.

જોકે સ્વચ્છતાના આ મહા-અભીયાનમાં અવરોધો પણ ઘણા આવ્યા. દરેક જણ બદલવા તૈયાર નહોતું. અનેક વખત મ્યુનીસીપલ કર્મચારીઓને ધમકી મળી, માર પડ્યો, ખુન પણ થયાં, કમીશ્નરને પોતાના કર્મચારીઓના રક્ષણ માટે પહેલવાનોને ભાડે રાખવા પડ્યા. કોર્પોરેશનમાં જ કર્મચારીઓ, કોર્પોરેટરો કે વોર્ડના અધીકારીઓ વચ્ચે આ અભીયાન બાબતે મતભેદો હતા. પણ શ્રી સીંઘ કહે છે કે, 'પછી તો અમને લોકોનો જ એટલો બધો ટેકો મળ્યો કે કોઈ પણ જાતનું દબાણ સ્વચ્છતાના આ અભીયાનને રોકી શકે તેમ નહોતું.'

ટેકનોલોજીનો પણ ઉપયોગ કરાયો, નાની કચરાગાડીઓમાં 'જીપીએસ' સીસ્ટમ મુકાઈ, જેથી ગાડી ક્યાં છે તે જાણી, તેને યોગ્ય સુચનાઓ આપી શકાય, ફરીયાદો લેવા માટે 'હેલ્પલાઈન એપ' શરુ કરાઈ. શરુમાં રોજની 300 જેટલી ફરીયાદો મળતી. જેનો ઉકેલ ચોવીસ કલાકમાં થઈ જતો.

આજે હવે ઈન્દોરના રસ્તાઓ પર રખડતી ગાયો, કચરાના ઢગ કે ફેરીયાઓના સામાનથી બચીને ચાલવાનો પ્રશ્ન નથી. રસ્તા સાફ થયા છે, ધુળ-માટી-મુક્ત થયા છે. એકઠો કરાયેલો કચરો એના ટ્રાન્સફર સ્ટેશને ભેગો કરાય છે, ત્યાંથી તેના છેલ્લા મુકામે, મોટા ખાડામાં ઠલવવામાં આવે છે.

ઝુંપડપટ્ટીઓમાં રહેતા લોકોને હવે સડેલા કચરાની અસહ્ય વાસ સહન કરવી પડતી નથી. હવા હવે ચોખ્ખી છે. માખી અને મચ્છરોનાં ઉત્પન્ન-સ્થળો નથી રહ્યાં, ઋતુઓના રોગો પણ નથી રહ્યા. જાહેર આરોગ્યમાં સુધારો થયો છે.

જો કે, ઈન્દોર શહેરમાં દેખીતી સ્વચ્છતા છતાં હજી થોડું કરવાનું બાકી રહે છે. 'સ્વચ્છ સર્વેક્ષણ 2017' વીશે 'સેંટર ફોર સાયન્સ એન્ડ ઈન્વાયરન્મેન્ટ (CSE)નો રીપોર્ટ કહે છે કે, ઈન્દોરમાં કચરાનું વર્ગીકરણ હજી વ્યવસ્થીત નથી, અને જે વીશાળ ખાડામાં શહેરનો કચરો ઠલવાય છે એ ક્યારનો ભરાઈ ગયો છે. CSEના શ્રી ચંદ્ર ભુષણે ચેતવણી ઉચ્ચારી છે કે, "પર્યાવરણની દૃષ્ટીએ ટકી ન શકાય તેવી પ્રસ્થાપીત રીતો સાથે ધબકતા શહેરોનું સન્માન કરવા બાબતે 'સર્વેક્ષણે' તેની પદ્ધતી અંગે ફેરવીચારણા કરવાની જરુર છે."

[હીમાંશી ધવનના અંગ્રેજી લેખને આધારે : મંજરી મેઘાણી]

*

# અભીવ્યક્તીની આઝાદી

લશ્કરે ફારુક એહમદ દર સાથે જે વર્તન કર્યું તેવું લેખીકા શ્રી અરુંધતી રોય સાથે કરવું જોઈએ, એ પરેશ રાવળના વીધાનથી આંચકો લાગ્યો ! જેની એક્ટીંગના આપણે વખાણ કરતાં, એ વ્યક્તીના વીચારો આટલા નીચા છે ! એમના પત્ની શ્રી સ્વરુપ સંપટ માટે કોઈએ આવું કીધું હોત તો ! MP બનવાથી જે સત્તા મળે, એ પછી આવું મનમાં જે આવે તે એલફેલ બોલવામાં શાસકપક્ષના અનેક સભ્યોને શરમ-સંકોચ નથી રહ્યા.

આમેય મોટાભાગના ભારતીય પુરુષો સ્ત્રી-સન્માનની ભાવનાથી પર હોવાનું જોયું, સાંભળ્યું, અનુભવ્યું છે. એક નાનો દાખલો આપું તો, કોઈ સ્ટોર કે મોલના દરવાજામાં દાખલ થતા કોઈ અજાણ્યા પુરુષે હસીને બારણું પકડી મને પહેલાં જવા દીધી હોય એવું એક પણ વાર બન્યાનું યાદ નથી. જ્યારે અમેરીકામાં એવા અનેક સારા અનુભવો થયા છે. એ સંસ્કાર ત્યાં સામાન્ય છે. આપણી માતાઓ જ પોતાના પુત્રોને એ સંસ્કાર નહીં આપે તો મોટા થઈને એ જ પુરુષો સ્ત્રીને સન્માન કેવી રીતે આપશે ? સ્ત્રીને 'વસ્તુ' સમજવાનું કેવી રીતે બંધ કરશે ?

બીજો દાખલો આપું : અમદાવાદમાં એક વખત પોસ્ટ ઓફીસની બારી પર 8-10 જણાંની હારમાં હું પણ ઉભી હતી. અચાનક પાછળથી એક ભાઈ આવીને મારી આગળ ઉભા રહી ગયા. મેં પુછ્યું, 'કેમ, ભાઈ ?' ત્યારે કહે, 'મારે મોડું થાય છે. તમારે બેનોને તો શું કામ હોય ?' હું તો છક જ થઈ ગઈ ! એ માણસની હીંમત તો જુઓ ! મારી જગાએ કોઈ અભણ, ગામડાની, ગરીબ સ્ત્રી હોત તો યે એ માણસ એક સ્ત્રીને કેવી રીતે કહી શકે કે, 'તમારે શું કામ હોય ?' અરે મીસ્ટર, જેટલાં ને જે જાતનાં કામો એક સ્ત્રી રોજ કરે છે, એ કામ કરવાની તમારી આવડત નથી, તાકાત નથી, ધીરજ નથી, સહનશક્તી નથી, ને દાનત તો નથી જ.

ગાયક અભીજીતની બુદ્ધી અને જ્ઞાન પણ કેટલાં ટુંકા છે એની કલ્પના એના એ વીધાન પરથી આવે છે, જ્યારે

કોઈ એક્ટરે મુંબઈમાં રાતે ફુટપાથ પર ગાડી ચડાવી દઈને ત્યાં સુતેલા ગરીબોને ટક્કર મારી, ત્યારે અભીજીતે એ મતલબનું આશ્ચર્ય બતાવ્યું કે, 'એ ગરીબો ફુટપાથ પર સુવે છે જ શા માટે ?' વાહ, ભાઈ, તમે ભારતમાં રહો છો કે સપનાની દુનીયામાં જીવો છો ? તમારી આસપાસની દુનીયા વીશે કોઈ જાણકારી રાખવાની તમને જરુર લાગતી નથી ? એ ગરીબો ફુટપાથને બદલે પોતાના ઘરોમાં કેમ નહીં સુતા હોય, એવો જ વીચાર આ મહાશયને તો આવતો હશે ને ! પોતાના દેશભાંડુઓ વીશે આવું જે કહી શકે એ વ્યક્તીને શું કહેશું ?

ફરી પાછા રાવલ પર આવીએ તો, આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત, બુકર પ્રાઈઝ જીતનારા શ્રી અરુંધતી રોય અંગે રાવળે કરેલા નીવેદન માટે સોશ્યલ મીડીયા પર આકરી ટીકા થઈ, તેના જવાબમાં પણ રાવળે તો આરામથી એમ જ જાહેર કર્યું કે, પોતાના નીવેદન અંગે તેને કોઈ પસ્તાવો નથી.

એને અભીવ્યક્તીની આઝાદીનો મુદ્દો રાવળે ગણાવ્યો છે. તો શ્રી રોયની આઝાદીનું શું ? શાસકપક્ષના અનેક સભ્યો એમ જ માને છે કે, પોતે કહે તે અભીવ્યક્તીની આઝાદી, પણ વીરુદ્ધ મત ધરાવતી જબાન દેશદ્રોહીની ! મુદ્દો ગમે તે હોય, એક સ્ત્રી માટે આવું બોલવાની અસભ્યતા એક સભ્ય 'દેખાતો' પુરુષ બતાવે એને સભ્ય ન જ ગણી શકાય.

એક સ્ત્રી તરીકે મને આટલું કહેવાનું મન થયું. જો કે શ્રી રોય પોતાના વીશે બોલાતા આવા વીધાનો પર ધ્યાન આપતા નથી.

❑

# નારી ક્યાં લગી ધીરજ ધરતી ?

## ગાર્ગી વૈદ્ય

**શાબાશ, સુપ્રીત કોર**

છત્તીસગઢના પાટનગર રાયપુરમાં હમણાં (15થી 23 એપ્રીલ, 2017) માનનીય મોરારી બાપુએ રામકથા કરી. એમણે સુપ્રીત કોરનો ઉલ્લેખ કર્યો કે નહીં, ખબર નથી. પણ અમે જ્યાં સુધી મોરારીબાપુને સમજીએ છીએ, ત્યાં સુધી માનીએ છીએ કે એમણે સુપ્રીતની પ્રશંસા જરુર કરી હશે.

સુપ્રીત કોર આઈબીસી-24 નામની ટીવીની સમાચાર ચેનલની 28 વર્ષની સમાચાર વાચક છે, અને તેણે પોતાની ફરજની બજવણી દરમીયાન કમાલના સંયમનાં દર્શન કરાવ્યાં. બહેને આઠમી એપ્રીલની સવારના દસ વાગ્યાના સમાચાર વાંચવાનું શરુ કર્યું, અને પંદરેક મીનીટમાં મહાસમંદ જીલ્લામાંના એક માર્ગ-અકસ્માતના સમાચાર આવ્યા. અકસ્માત ભયંકર હતો અને એમાં ત્રણ વ્યક્તીઓનાં મોત થઈ ગયાં હતાં. બહેને સ્થાનીક ખબરપત્રી પાસે વીગતો માગી. પેલાએ જે વીગતો આપી એ પરથી સુપ્રીતને ખ્યાલ આવી ગયો કે જે વાહનને ટ્રકે ટક્કર મારી હતી અને જેના ત્રણ પ્રવાસી તત્કાળ માર્યા ગયા હતા અને બે ગંભીરપણે ઘવાયા હતા એ જ વાહનમાં એના પતી હર્ષદ કવડે પ્રવાસ કરી રહ્યા હતા ! અલબત્ત, સ્થાનીક ખબરપત્રીએ નામ નહોતાં આપ્યાં, છતાં ત્રણ મરણ અને બે મરણતોલ ઘાયલનો મતલબ એ હતો કે હર્ષદને અકસ્માત થયો હતો ! સંભવત: એનું અવસાન થઈ ગયું હતું !! છતાં બહેને ક્ષણભર પણ થડક્યા વગર સમાચાર વાચન ચાલુ રાખ્યું. પોતાની ફરજ યોગ્ય રીતે બજાવવાનું ચાલુ રાખ્યું. ટી.વી. પ્રેક્ષકો પ્રત્યેનું પોતાનું કર્તવ્ય નીભાવ્યે રાખ્યું.

બસ, આ છે નૈતીક હીંમત અને કર્તવ્યનીષ્ઠાનો નમુનો. આ જ કારણે આપણે દીકરી સુપ્રીતને સો સો સલામ કરીએ.

આપણને સરદાર વલ્લભભાઈ પટેલનું ઉદાહરણ વારંવાર આપવામાં આવે છે. તેઓ એકવાર વકીલ તરીકે અદાલતમાં દલીલો કરી રહ્યા હતા, એ દરમીયાન કોઈકે આવીને એમના કાનમાં કશુંક કહ્યું. સરદારે માત્ર મસ્તક હલાવ્યું. આગંતુકને વીદાય આપી. દલીલો ચાલુ રાખી. અદાલતી મામલો પુરો થયા પછી તરત જ એ ઘર ભણી ભાગ્યા. એમનાં પત્નીનું અવસાન થયું હતું ! અદાલતની કારવાઈ દરમીયાન પેલા સજ્જને એમને આ જ સમાચાર આપ્યા હતા. સરદારે કર્તવ્યનીષ્ઠા દાખવીને, મન:સંયમ જાળવીને દલીલો ચાલુ રાખી હતી...

સરદાર પટેલની આવી કર્તવ્યનીષ્ઠા બદલ એ 'લોખંડી પુરુષ' કહેવાયા છે. દીકરી સુપ્રીત કોર એમની પંક્તીમાં સ્થાન પામે છે. શાબાશ, સુપ્રીત !

**આ શ્રમીકોના ઉત્પાદનને**
**ગવર્નરશ્રી જીડીપીમાં સામેલ ગણે છે ?**

પહેલાં બે શબ્દો જોઈ લઈએ. અહીં 'ગવર્નર' એ દેશની મધ્યસ્થ બેન્ક રીઝર્વ બેન્કના વડા છે. એ દેશના ઘણાખરા અર્થતંત્રનું ગવર્નીંગ યાને સંચાલન કરે છે.

'જીડીપી' એટલે ગ્રોસ ડોમેસ્ટીક પ્રોડક્ટ એટલે કે એકંદર સ્વદેશી ઉત્પાદન. આ જીડીપી જેમ વધારે તેમ દેશ વધુ સમૃદ્ધ ગણાય. ઘણીવાર દેશની કંગાલીયતને ઢાંકવા માટે બહોળા જીડીપીની ચાદર ઓઢાડાય છે.

મઝાની વાત એ છે કે જીડીપીમાં કેટલાક શ્રમ, કેટલાંક ઉત્પાદન અને કેટલીક સેવાઓની ગણતરી જ નથી. દાખલા તરીકે, ગૃહીણીઓ જે કામ કરે છે, એનું મુલ્ય જ કોઈ ગણતું નથી. પરીવારની ખેતી કે દુકાન કે વ્યવસાયમાં ગૃહીણીઓ જે ફાળો આપે છે એ કશી ગણતરીમાં જ નથી !

હમણાં અમે શ્રમજીવી મહીલાઓના સંગઠન 'સેવા'ના મુખપત્ર 'અનસુયા'માં વાંચ્યું કે અમદાવાદના શ્રમીકોના લત્તામાં બહેનો લીલી તુવેર, લીલા વટાણાના દાણા ફોલવાનાં કામ કરે છે. લીલા ચણાના દાણા પણ કાઢે છે. એક પરીવારની ત્રણ મહીલાઓ દીવસની 25 કીલો જેટલી તુવેર ફોલી લે છે. તુવેર ફોલવાના કીલોદીઠ રૂ. સાત મળે છે. વટાણાના કીલોદીઠ રૂ. બે અને લીલા ચણાના રૂ. આઠ મળે છે. હજારો બહેનો આવાં કામ કરે છે. આ લખનારને યાદ છે કે સૌરાષ્ટ્રમાં કપાસ પાકવાની મોસમમાં કપાસનાં કાલાં ફોલવાનાં કામ ચાલતાં. એ કામ બહેનો અને બાળકો જ કરતાં. એમના આ કામની આર્થીક ઉપાર્જન ખાતે કશી નોંધ ન લેવાતી. કશી કદર ન થતી.

બહેનોના આવા શ્રમ અને એથી થતા ઉત્પાદનને જીડીપીમાં ક્યારે ગણતરીમાં લેવાશે ?

**સૌથી મીઠડી કોણ ?**

એક બાજુ નારીના શ્રમની નોંધ પણ ન લેવાય, એવી સ્થીતી છે તો ક્યાંક સંપન્ન સમાજોમાં સાવ ક્ષુલ્લક લાગે, બકવાસ લાગે એવા તાયફા ચાલે છે. જેમ કે રશીયાના બેરેઝનીકી શહેરમાં 'મચ્છર મહોત્સવ' (મોસ્કીટો ફેસ્ટીવલ) ઉજવાય છે. મહોત્સવનો ઉદ્દેશ નગરની (કે પ્રદેશની) સૌથી મીઠડી યુવતી શોધવાનો છે.

પ્રદેશની 'મીઠડી' શોધવાની વાત તો રોમાંચક છે, પરંતુ અહીં એ માટે જે રીત, જે નીયમ અપનાવાય છે. તે અજાયબ છે. અહીં યુવતીઓ મચ્છરોને... જી, હા, મચ્છરોને પોતાના પ્રતી આકર્ષીત કરવા પ્રયત્ન કરે છે. જેને સૌથી વધુ મચ્છર કરડે તે યુવતી 'મીઠડી' જાહેર થાય છે. અહેવાલ છે કે વધુમાં વધુ 100 ડંખ ખાવાનો એક યુવતીનો 'રેકોર્ડ' છે ! હવે, આમાં મહોત્સવનો સૌથી વધુ લાભ કોને ગણીશું ? અમે માનીએ છીએ - મચ્છરોને !

તમે શું માનો છો ?

**ભણતી નથી ? તડકો ખા !**

એમ તો દરેક માને સંતાન વહાલાં હોય. પરંતુ કેટલીક માઓ ક્રુર પણ નીવડે છે.

મલયેશીયાના પાટનગર કુઆલા લુમ્પુરમાં આવી જ એક માતાએ ટ્યુશન ક્લાસમાં ન જતી દીકરીને, ઘરની બહાર, શેરીની બાજુ પર, થાંભલે ઉભી રાખી. એના પગ સાંકળ વડે બાંધ્યા. કહ્યું કે ભણવું ન હોય તો તડકો ખા !

બીચારી છોકરી બપોરના કેટલાય કલાક સુધી તડકે શેકાતી રહી. એટલામાં કોઈ રાહદારીનું આ રડતી અને તડકે શેકાતી છોકરી ભણી ધ્યાન ગયું. એણે પોલીસને જાણ કરી. પોલીસે આવીને છોકરીને છોડી અને એની માને પુછપરછ માટે પોલીસ થાણે બોલાવી.

આપણા જેવા ગરમ દેશોમાં ભુતકાળમાં માણસને મોતની સજા આપવાની આ પણ એક રીત હતી. માણસને ઉઘાડે ડીલે પથ્થરે ચત્તોપાટ બાંધીને સુરજમાં તપવા દેવાતો. મે-જુન જેવી ગરમીમાં એ મરી જ જાય.

જો કે એક મા પોતાની દીકરીને આમ બાંધે એ તો પેલી મોતની સજા કરતાંય મોટી ક્રુરતા થઈ.

**'બાપ'ને મારનારી !**

હર પ્રકારના અન્યાય, અભાવ અને પીડા માટે સ્ત્રીને પસંદ કરવાની પ્રણાલીકા સામે હવે ક્યાંક ક્યાંક પ્રતીકાર પણ થવા લાગ્યા છે, એનો અમને આનંદ છે. હજારો વર્ષોથી માત્ર સહન જ કરતી આવેલી સ્ત્રી હવે પ્રતીઘાત પણ કરે છે. દાખલા તરીકે અખબારોના તા. 24 એપ્રીલ, 2017ના અંકોની વડોદરા નજીકની 19 વર્ષની યુવતી, જેની પોલીસે એના 'પીતા'ની હત્યા બદલ ધરપકડ કરી ! સમાચાર જણાવે છે કે આ યુવતી મરનારની સાવકી દીકરી હતી, અને મરનાર એના પર સતત જાતીય આક્રમણ કરતો હતો.

આ પ્રકારના સમાચાર વારંવાર વાંચવા મળે છે. ખાસ કરીને કોઈ સ્ત્રી આગળના ઘરનાં સંતાનો સાથે બીજાં લગ્ન કરે છે, એ પરીવારનો પુરુષ આગળના ઘરની છોકરી સાથે દુર્વ્યવહાર કરવામાં છોછ માનતો નથી. સમાજના નીચલા થરના લોકોમાં આ જાનવરપણું વીશેષ જોવામાં આવે છે. આવા સંજોગોમાં પરવશ સ્ત્રી પોતે તો અન્યાય સહન કરી લે છે; પોતાની પુત્રીને પણ સહન કરવા સુચવે છે; કારણ કે સમાજ અને આર્થીક પરીસ્થીતીઓ એનાથી વીપરીત હોય છે. પરંતુ ક્યારેક વડોદરા નજીકની આ દીકરી જેવું સ્વાભીમાન કોઈ દીકરી દાખવે છે ખરી.

એણે જે કર્યું એને આપણે શું ગણીશું ? હીંસા ? સ્વરક્ષણ ? આતતાયીનો વધ ? અપરાધ ? તમે સ્વયં નક્કી કરો.

❑

# સંસ્થા અને કાર્યકરો વચ્ચે એકાત્મભાવ

પ્રવીણચંદ્ર ઠક્કર

**ભુમીકા :**

તાજેતરમાં 'વીચારવલોણું'માં પ્રકાશીત, મુની દવે સંપાદીત 'સંસ્થા ઘડતર' પુસ્તીકાના વાંચનમાંથી પસાર થઈ રહ્યો હતો ત્યારે અહીં એક વાતની ભારપુર્વક ચર્ચા કરવામાં આવી હતી કે સંસ્થા સ્થાપકોએ, ઉચ્ચતમ આદર્શો સેવીને જે તે સંસ્થાની સ્થાપના કરી, તેની માવજત-સંવર્ધન માટે અથાગ પુરુષાર્થ કર્યો પણ પોતાના કાર્યકરોના ઘડતર માટેની જાણતાં કે અજાણતાં પર્યાપ્ત ખેવના કરી નહીં પરીણામ આપણે અનુભવી રહ્યા છીએ. આ સંદર્ભમાં 'લોકભારતી' ગ્રામવીદ્યાપીઠમાં મારા અનુભવોની પ્રસ્તુતી એક 'કેઈસ સ્ટડી' તરીકે ઉચીતકર ગણાશે.

આ સંસ્થાના પ્રમુખ સ્થાપક નાનાભાઈ ભટ્ટ, તેમણે પોતાની હયાતીમાં જ, બહુઆયામી પ્રતીભાસંપન્ન સમાજસેવી મનુભાઈ પંચોળી 'દર્શક'ને વહીવટી જવાબદારી સુપ્રત કરી. પ્રજ્ઞાપુરુષ, સંગીત મર્મજ્ઞ મુળશંકરભાઈ ભટ્ટ શૈક્ષણીક ક્ષેત્રે પોતાનું યોગદાન આપી રહ્યા હતા. પુનાની ફર્ગ્યુસન કોલેજમાંથી અંગ્રેજી વીષયમાં એમ.એ. થયેલા, દક્ષીણામુર્તી સમયના સાથીદાર, નટવરલાલ બુચ વીદ્યાર્થી ઘડતર - સંપર્કની કામગીરી સંભાળતા હતા. કૃષીવીજ્ઞાનના અનુસ્નાતક - તજજ્ઞ - ટેકનોક્રેટ રતીભાઈ અંધારીયા, ગ્રામજનોના સંપર્કમાં રહી શીક્ષણ સાથે અનુબંધીત વીસ્તરણ કાર્યક્રમો પ્રયોજી રહ્યા હતા. એક જ સંસ્થાની છત્રછાયા તળે વીવીધ ક્ષેત્રના અનેક દીગ્ગજો અકીંચન નાનાભાઈના સ્વપ્ન - 'ગ્રામીણ સમાજના છેલ્લા માણસના સર્વાંગી ઉત્થાન'ને સ્વ-સ્વપ્ન માનીને, કટીબદ્ધ થયા હતા. નાના-મોટા સૌ કાર્યકરો, સ્વયંભુ - સહજ સ્ફુર્તીથી પોતાના કામો નીષ્ઠા-દૃષ્ટીપુર્વક અદા કર્યા કરે તેવી વણલીખીત પરંપરા આજેય અકબંધ છે.

સંસ્થા સાથે એકાત્મભાવ જાળવી, અનુભવી સૌ કાર્યકરો કામ કરી શકે તેના જે કારણો અંતર્નીહીત છે તે પૈકી કેટલાકની ચર્ચા કરીએ.

> *નાના-મોટા સૌ કાર્યકરો, સ્વયંભુ - સહજ સ્ફુર્તીથી પોતાના કામો નીષ્ઠા-દૃષ્ટીપુર્વક અદા કર્યા કરે તેવી વણલીખીત પરંપરા આજેય અકબંધ છે.*

1. **કાર્યમાં સ્વાયત્તતા :**

સંસ્થામાં 22થી વધુ વીભાગો છે. દરેક વીભાગીય વડાને પોતાના કાર્યની પુરી સ્વાયત્તતા છે. તે વાર્ષીક અંદાજપત્ર તૈયાર કરે. નીયામક સાથે ચર્ચા કરે. ટ્રસ્ટી મંડળ તેને બહાલી આપે અને તદનુસાર વીભાગીય પ્રવૃત્તીઓ કોઈ બીનજરુરી દખલગીરી વીના ચાલ્યા કરે. દરેક પોતાના વીભાગીય કામોની વહેંચણી અન્ય કાર્યકરોને કરે. ઉદા. ગૌશાળાના વડાની ઉપસ્થીતી કે મોનીટરીંગ વીના બીજા કાર્યકર, દોહન, ઉત્પાદીત દુધનું રેકોર્ડીંગ અને વહેંચણીની ફરજ બજાવ્યા કરે. આ પ્રકારની વ્યવસ્થાને પરીણામે દરેક કાર્યકર જવાબદાર બને, સભાનતાપુર્વક કામ કરે, કામનું ગૌરવ અને ભવીષ્યમાં મુખ્ય જવાબદારી સંભાળવાની સહજભાવે સજ્જતા કેળવી લે. નીયામક વીભાગની સમયાંતરે મુલાકાત અવશ્ય લે પણ સખ્યભાવે માહીતી મેળવે. ચર્ચા-વીચારણા કરે અને આવશ્યક હોય ત્યાં જ માર્ગદર્શન આપે.

2. **સંસ્થા અને કાર્યકર વચ્ચેના પારીવારીક સંબંધો :**

અહીં તમામ કાર્યકરો સપરીવાર કેમ્પસ ઉપર નીવાસ કરે છે. દરેકને પોતાના મુળ કામ ઉપરાંત અન્ય કોઈ એક કામ સ્વેચ્છાપુર્વક સોંપાય છે. એક ઉદાહરણ લઈએ. શૈક્ષણીક વીભાગોમાં 'ગૃહપતી'ની કોઈ અલગ જગ્યા નથી. અભ્યાસુ, પ્રેમાળ, અનુભવી અધ્યાપકને છાત્રાલય સંચાલનના કામની સોંપણી થાય છે. વીદ્યાર્થીઓના ઉત્થાન માટે વહેલી સવારે 5-30 વાગે છાત્રાલયે અચુક પહોંચવાનું કામ સરકારે સોંપેલી આચારસંહીતામાં લખાયેલું નથી પણ કાર્યકરો સમજે છે કે વીદ્યાર્થીઓના જીવનઘડતરના પુણ્યશાળી કામમાં ભાગીદાર બનવું તે તો તેમનું સદ્ભાગ્ય છે. કાર્યકરો જ્યારે આત્મીયભાવથી પ્રવૃત્ત હોય છે ત્યારે સંસ્થા સમજણપુર્વક તેમને કોઈ આર્થીક વીશેષ વળતર આપતી નથી પણ પરોક્ષ રીતે તેની ચીંતા સેવે છે. તમામ કાર્યકરો પછી તે સંદેશાવાહક હોય કે માળી તેમના સંતાનોના લગ્નપ્રસંગે નીયામકથી માંડીને સૌ માત્ર હાજરી નથી આપતા ભોજન કે નીવાસ જેવી તમામ વ્યવસ્થામાં મદદરુપ થાય છે.

કાર્યકરો માટે સ્થાપીત ધીરાણ મંડળી વાજબી વ્યાજે ધીરાણ આપે છે. કોઠારમાંથી તમામ ચીજવસ્તુઓ યોગ્યભાવે પ્રાપ્ત થાય છે. વ્યક્તીના આકસ્મીક અવસાન પછી વારસદાર માટે વીમા યોજનાની સુવીધા છે. સપરીવાર સમુહ ભોજન, પ્રવાસના કાર્યક્રમો કલ્યાણનીધી દ્વારા પ્રયોજાય છે. સંસ્થાએ આ તમામ વ્યવસ્થા પોતાને હસ્તક રાખવાને બદલે કાર્યકરોને જ સુપ્રત કરી છે. તેઓ એકત્ર થાય છે, સામાન્યસભા અને વ્યવસ્થાપક મંડળના ફોરમ દ્વારા સમગ્ર આયોજન, વ્યવસ્થાપન ગોઠવે છે.

3. **સંચાલક–પરીવાર ઐક્યભાવ :**

સંચાલકો અને કાર્યકરો પોતાના વીભાગની ચર્ચા-વીચારણા માટે તો અવારનવાર મળતા હોય છે. તે ઉપરાંત સંચાલકો, કોઈ એજન્ડા વીના કાર્યકરને ઘેર જાય છે. પરીવારજનો સાથે ચા-નાસ્તો કરતાં કરતાં ગોષ્ઠી કરે છે. પરીણામે કાર્યકરો, સંસ્થા સાથે પોતીકાંપણાનો ભાવ અનુભવતા થઈ જાય છે. 'દર્શક' કે બુચભાઈ જેવા વડીલ, નીયામક કે નીવાસી ટ્રસ્ટીને ત્યાં તો જાય પણ એક ક્લાર્ક કે હીસાબનીશના અપવાદ વીના તેના નીવાસસ્થાને પંદર, વીશ મીનીટનો સમય સહજભાવે આપે તેનાથી વીશેષ કઈ યાદગાર ઘટના હોઈ શકે ? આવા ઉપક્રમોને કારણે જ કાર્યકર્તા, સંસ્થા માટે કોઈપણ કામ ગમે તે સંજોગોમાં હોંશભેર કરવા માટે તત્પર થઈ જતા હોય છે. ગુજરાતનું સ્વૈચ્છીક સંસ્થાઓનું પોત મજબુત બનાવવા માટે આ પ્રકારના અભ્યાસો ઉદાહરણીય પ્રેરણાદાયી સીદ્ધ થશે તેવી આશા છે.

(202, 'ઓર્કીડ', તસ્કીન સોસાયટી, શુકલનગર ચાર રસ્તા, સમા, વડોદરા-390002, મો. 9426461090) ❑

# 'ભારતની નાણાંકીય સ્થીતી અગાઉના વર્ષ જેટલી જ ચીંતાજનક છે'

[દુનીયાના તમામ દેશોની નાણાકીય સ્થીતીનો સતત અભ્યાસ કરનારી FITCH (ફીટ્ચ) સંસ્થાએ માર્ચ 2017માં પુરું થયેલું 1916-17 નાણાકીય વર્ષ ધ્યાનમાં લીધા પછી ભારતનો નાણાકીય આંક BBB - (બીબીબી માઈનસ) ગણાવ્યો છે. લંડન તેમજ ન્યુયોર્ક બે શહેરોમાં તે થાણા ધરાવે છે. FITCH સંસ્થા 1914માં સૌ પહેલી સ્થપાયેલી. બધા દેશોની નાણાકીય સર્વેક્ષણ કરનારી સંસ્થા છે. Standard & Poor તેમજ Moodys પણ તેવી જ સંસ્થાઓ નાણાકીય અભ્યાસ કરનારી છે. તે બન્નેએ આ FITCH સંસ્થાએ રચેલાં આંકના નામો A...B...C... અપનાવેલા છે. આમ FITCH, એ જે આંક ભારત માટે જણાવ્યો તે BBB- આંક અંગે સ્પષ્ટતા કરી છે કે દેશની નાણાકીય સ્થીતી ઘણી ચીંતાજનક છે - 3જી મે 2017ના Indian Expressમાં રજુ થયેલા એ અહેવાલનાં આધારે અહીં લખ્યું છે.

**- જ્યોતીભાઈ દેસાઈ]**

ભારત સરકાર અને કોર્પોરેટ - મોટા નાણાકીય એકમો બન્ને દ્વારા સતત દબાણ થતું રહ્યું હતું છતાં FITCH સંસ્થાએ દેશની નાણાકીય સ્થીતીના અભ્યાસ પછી, પ્રાપ્ત નબળી સ્થીતીને ધ્યાનમાં લઈને ગત વર્ષે આપેલા નાણાકીય દરજ્જામાં કોઈ ફેરફાર કરી ન શકાય તેમ ગણાવીને BBB - (ત્રીવાર B માઈનસ) યથાવત્ રાખ્યો છે. ભારત સરકારે કરેલા સક્ષમ 'વીકાસ' અંગેના પગલાં તેમજ આર્થીક ધોરણો અંગે કરેલાં ફેરફારો એ બધાં કદમોને ધ્યાન લઈને આવકાર્યા છે. તેમ છતાં એ વાત સ્પષ્ટ કરી છે કે ભારતની અત્યારની નાણાકીય હાલત માટે ગત વર્ષે આપેલો આંક જ આપી શકાય તેમ છે. એટલે કે ભારત માટે BBB - કક્ષાની જ ગણાવવી જરુરી છે. [અહીં આ અંક અંગે સ્પષ્ટ કરીએ. A+ ઉત્તમોતમ, A શ્રેષ્ઠ, AA ઠીક, A (માઈનસ) - એમ B+, B, B-; BB+ BB, BB-, BBB - અને તેનાથી ઉતરતી C અને D સાવ ખાડે ગયેલી એવી છેવટની કક્ષા આપવાનું ગોઠવેલું છે.]

"ભારતે કરેલા આર્થીક સુધારા તરફના પગલાં એક પલ્લામાં મુકીએ અને બીજા પલ્લામાં વાસ્તવીક આર્થીક સ્થીતીને મુકીએ તો બન્ને એકબીજાને સમતોલ બનાવી દેતા હોવાથી ભારતને ઉપરની કક્ષા આપી શકાય તેમ નથી. આથી ભારતમાં નાણા રોકવા અંગે છેવટની કક્ષા જ યોગ્ય લાગે છે.

"વીદેશી ચલણ (લાંબા ગાળા)નું અને સ્થાનીક ચલણ બન્નેમાં જે કસુર જોવા મળે છે તેથી પણ BBB - કક્ષાને પાત્ર જ ભારતને ગણીએ છીએ.

"વીદેશી નાણાની આવકમાં વચગાળાના સમયમાં મજબુતીભર્યો વીકાસ છે પરંતુ રાજસ્વ તીજોરીની સ્થીતી એટલી વધુ નબળી છે કે ત્યાં વ્યાપાર માટે રોકાણ કરવાની ભલામણ કરવાનું વાતાવરણ પ્રાપ્ત નથી. વધુ ઉદારીકરણ તરફનો પ્રયત્ન ભારત સરકારે અપનાવ્યો તો છે તે અંગેના જેમ જેમ પગલાં લેવાતાં જશે તેમ તેમ વ્યાપાર કરવા માટેનું યોગ્ય વાતાવરણ ગોઠવાઈ શકે તેવી શક્યતા છે." એવું પણ FITCH સંસ્થાએ જણાવ્યું છે.

***આ** બેંકોના દેવાનો પ્રશ્ન અધીકૃતપણે પુરો સ્વીકાર્યો તો છે, છતાં તે વાત લટકતી જ રખાતી રહી છે.*

ઉપરોક્ત જાહેરાત થઈ તેને ધ્યાનમાં લઈને HDFC બેંકના અધ્યક્ષ દીપક પારેખે નીવેદન કર્યું હતું કે, 'ભારતની નાણાકીય સ્થીતી ગત એક વર્ષથી સતત સારી વીકસી રહી છે. વળી વ્યાપક કક્ષાના નાણાકીય ધોરણો પણ સકારાત્મક થયાં હોવાં છતાં પણ આવો BBB - જેવો છેવટનો આંક ? બીજી તરફ ઈટાલી અને સ્પેઈન જેવા દેશો જે નાણાકીય દૃષ્ટીએ ઘણા નબળા અને ઘણા નાના દેશો છે તેમને આપણા ભારત કરતાં વધુ સદ્ધરતા ધરાવતા દેશો બતાવાયા છે. હવે ઈટાલીની બેંકો તો સાવ ખાડે ગયેલી છે અને ત્યાંની સરકાર તો પુરી ડગમગુ પડવાને આરે આવીને ઉભી છે. જ્યારે અહીં (ભારતમાં) તો અત્યંત solid સક્ષમ સરકાર હવે તો અસ્તીત્વમાં છે.'

ફીટ્ચની દૃષ્ટીએ, ભારતની આર્થીક કક્ષાને નીચે ખેંચી જનારું પરીબળ તો સરકારનું જાહેર નાણાનું મોટું દેવું જે છે. એ દેવું GDPની આવકના 67.92 ટકા જેટલું મોટું છે. (હવે BBB - ને બદલે કેવળ BBB એવી તેની ઉપરની કક્ષાએ ભારતની આર્થીક સ્થીતીને મુકવી હોય તો એ દેવું 40.9 ટકા જેટલું નીચે આવે તો જ તે માન્ય કરી શકાય તેમ છે.) હમણાં પુરા થયેલા 2017ના નાણાકીય વર્ષમાં સરકારી તીજોરીની સ્થીતી તો એવી છે કે તેમાં - 6.6 ટકાની ઘટ છે. એ વાત ધ્યાન પર તો છે જ દેવું ઘટાડવા તરફ પ્રયત્ન થશે.

ભારત જેવા ઓછા વીકસીત દેશોની સરખામણીમાં ઘણાં માળખાકીય તથ્યોમાં વધુ પછાત ગણવો પડે તેમ છે. ભારતની સરેરાશ આવક $ 714ની જ ગણી શકાય તેમ છે. હવે જો ફક્ત BBB કક્ષા ભારત આંબવા ઈચ્છે તો સરેરાશ આવક $ 9.701 જેટલી, જો થાય તો જ તેવું થઈ શકશે. વીશ્વ બેંક દ્વારા પણ ભારતની કાર્યક્ષમતા નબળી જ ગણાવી છે. (એ કાર્યક્ષમતા, 58 Percentile હોય તો BBBનો આંક આપી શકાય. આજે તો એ આંક 46 Percentile ઉપર ઉભેલો છે.)

'નાણાકીય વહીવટી તેમજ બજેટ અંગે ભારત સરકારે એક અધીકૃત સમીતી નીમી હતી. એણે બજેટ નીગરાની કાયદાનો પણ વીચાર કરવાનો હતો. તે સમીતીએ સરકારનું પોતાનું દેવું 60 ટકા જેટલું તો ઓછું કરી જ દેવું જોઈએ એવી આવશ્યકતા વ્યક્ત કરી છે. તે લક્ષ્યને આંબવા માટે ભારત સરકાર પોતાની પ્રતીબદ્ધતા વ્યક્ત કરશે કે કેમ એ વાત અનીશ્ચીત જ છે. ઉલટાનું ફેબ્રુ. 2017નું બજેટ રજુ કરતી વખતે નાણામંત્રીએ બહુ સ્પષ્ટપણે જાહેર કર્યું હતું કે 'દેશભરમાં કર ભરનારાઓની સંખ્યા જ ઘણી ઓછી છે અને વાસ્તવમાં ભારતીય સમાજ કર ના ભરવામાં જ માનનારો છે.' આ વીધાન અંગે એમ વીચારી શકાય કે તે પરીસ્થીતીમાં બદલાવ લાવવા માટે પગલાં ભરવાની તેમની ઈચ્છા વ્યક્ત થઈ છે. તે વાત ઘણી સુચક તો છે. જોકે, રજુ કરેલા 2018ના બજેટ ઉપર પુષ્કળ નાણાના અભાવના દબાણો હોવાં છતાં, તેમજ દેવું ઘટાડવાનો આદેશ હોવા છતાં માળખાકીય ખર્ચ વધારનાની ઈચ્છા તેમણે વ્યક્ત કરેલી છે.

જાહેર ક્ષેત્ર (સરકાર હસ્તક)ની બેંકોની NPA (દેવાની) ઘણી મોટી હોવાની જવાબદારીઓ વ્યક્ત થયા કરી છે. આ બેંકોના દેવાનો પ્રશ્ન અધીકૃતપણે પુરો સ્વીકાર્યો તો છે, છતાં તે વાત લટકતી જ રખાતી રહી છે. ફીચની ધારણા એ છે કે, જે દેવું 2015ને અંતે 4.6 ટકા હતું તે 2017માં 9.7 ટકા થઈ ચુક્યું છે. આવું તો કડક નીયમન કરવાના પ્રયત્નો કર્યા હોવા છતાં થયેલું છે.

*

તા.ક. બુધવાર 10 મે 2017ના Indian Express દ્વારા 'MOODY' (નાણાકીય સર્વે કરનારી સંસ્થા)એ જણાવ્યું "બેંકોના NPA દેવાં ઘટાડવા અંગે કશું જ નવું કોઈ તંત્ર રચ્યું નથી."

"કાંઈક નક્કર કરવાનો નીર્ધાર કરવાની જરુર હતી. આ તો, એના એ જ પગલાં લેવાની વાત છે. કેમ જાણે દુખાવાની જે દવા અગાઉ અપાઈ હતી તે નવી શીશીમાં ભરીને આપી છે. બેંકોને લેણદારની મીલકત પર કબજો મેળવવાના અધીકાર અપાય તેથી કાંઈ દેવાદારે ઉપાડેલી રકમ મળી જાય તે શક્ય નથી. શેષ રહેલ મીલકતની કીમત ઘણી ઓછી જ મળે તેમ છે. આમ આ આખી નવી ગણાતી (અધ્યાદેશની) કસરત કશો ફેર મુળ પ્રશ્નમાં લાવે તેવી શક્યતા નથી."

❑

# લડાયક રેશનાલીઝમના સુત્રધાર પેરીયાર

**જયંતી પટેલ**

મુંબઈ ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય માનવવાદી અધીવેશન (18th - 20th December 1987) પ્રસંગે, કાળાં વસ્ત્રોમાં સજ્જ યુવકો દ્વારા ગવાયેલાં રેશનલ ગીતો, ચમત્કારોનો પર્દાફાશ કરતા પ્રયોગો તથા ધગશ અને જુસ્સો જોતાં પેરીયારના વીચાર-આચારના પ્રભાવ, અસર અને જીવંત વારસાની ઝાંખી થઈ હતી. પેરીયારના જીવન, કવન અને કાર્યો વીષે જાણવાની અને તેનો ગુજરાતને પરીચય કરાવવાની ઈચ્છા જન્મેલી. અગાઉ એટલી ખબર હતી કે સરઘસમાં તે મુર્તીને ખાસડાં મારતા તથા દ્રાવીડ કઝગમ પક્ષના તેઓ પ્રેરણાદાતા હતા. આ લેખ લખવામાં તેમનો તથા તેમના કાર્યોનો સાચો પરીચય આપવાનો, ઉપરોક્ત કામનાની પરીપુર્તીનો, પેરીયારને ભાવભરી અંજલી આપવા સાથે, તેમનાં કાર્યો તથા કાર્યશૈલીમાંથી પ્રેરણા મળે તેવો હેતુ રહેલો છે.



ઈરોડ વેન્કટ રામસામી (નાયકર) પેરીયાર : સપ્ટેમ્બર, 17, 1879 - ડીસેમ્બર, 24, 1973

ભારતમાં વીસમી સદીમાં રેશનાલીઝમના ઉદ્‌ગાતાઓમાં રામસામી પેરીયારનું નામ અને કામ પ્રથમ હરોળમાં આવે. તેમણે રેશનાલીઝમને વૈચારીક આંદોલનથી આગળ વધારી એક લડાયક, લગભગ આક્રમક, ઝુંબેશનું સ્વરુપ આપ્યું. લેખો લખવા, સામયીકો અને પુસ્તકો પ્રગટ કરવા તથા પ્રવચનો આપવા સાથે કુરીવાજોની નાબુદી અને સામાજીક સુધારા, સ્ત્રીઓના અધીકારો અને સન્માન માટેના આગ્રહ, સત્યાગ્રહો, બ્રહ્માણવાદની નાબુદી અને વર્ણવ્યવસ્થા તથા દલીતોના અધીકારો માટે રાજકીય અને સામાજીક સ્તરે ઝુંબેશ ચલાવી, મુર્તીપુજાના ખંડનની હીમાયત કરી. તેમજ પોતાના જીવન અને વ્યવહારમાં તેનો અમલ કર્યો. ઈશ્વર અંગેનું તેમનું વીધાન 'ઈશ્વર નથી, નીઃશંક ઈશ્વર નથી. ઈશ્વરની કલ્પના કરનાર મુર્ખ હતો. ઈશ્વરના ખ્યાલનો પ્રચાર કરનારા લુચ્ચા-ઠગ છે. ઈશ્વરની પુજા કરનારા જંગલીઓ છે.' સુવીદીત છે.

પેરીયારનો જન્મ તામીલનાડુ (ત્યારના મદ્રાસ પ્રાંત)ના ઈરોડના બીન-બ્રાહ્મણ, વીખ્યાત અને સમૃદ્ધ વેપારી રુઢીચુસ્ત વૈષ્ણવ કુટુંબમાં (પીતા: વેન્કટ, માતા: ચીન્ના થાયમ્મલ ઉર્ફે મુથમ્મલ- CHINNA THAYAMMAL alias MUTHAMMAL) થયો હતો. બાર વર્ષની વય થતાં તો તેઓ નીશાળ છોડી પીતાજીના વેપારમાં પલોટાયા. નાનપણથી જ તેમને ઈશ્વર, ધર્મ વગેરેમાં વીશ્વાસ ના હતો. ઘેર આવતા ધર્મગુરુઓની કથાઓમાંના વીરોધાભાસો તથા વીચીત્રતાઓ વીષે પ્રશ્નો કરતા તથા અછુતો, મુસ્લીમો વગેરેના ઘેર ખાવાપીવાનો વ્યવહાર પણ કરતા.

ઓગણીસ વર્ષની વયે રામસામીના લગ્ન તેર વર્ષની નાગમ્મા સાથે થયાં. બેએક વર્ષ બાદ, લગ્નજીવનનાં ફળસ્વરુપે, એક પુત્રીનાં જન્મનો આનંદ અને પાંચેક માસમાં તેનાં અવસાનના આઘાત અનુભવ્યા. મનમાં ઉઠતા વૈચારીક વમળોના ઉકેલ માટે જ્ઞાનપ્રાપ્તીની ખોજમાં, પચીસ વર્ષની વયે (1904) ઘર ત્યજી, સાધુ બની, દેશભ્રમણ આદર્યું. તેમાં ગૃહકલેશ પણ કારણરુપ હતો. પરીણીત સ્ત્રીઓએ ગળામાં મંગળસુત્ર (thali) પહેરવાની રુઢીને તેઓ સ્ત્રીઓની ગુલામીનું પ્રતીક ગણતા અને પોતાની પત્નીના ગળામાંથી તેને દુર કરતાં, રુઢીચુસ્ત કૌટુંબમાં વીખવાદ સર્જાતાં, તેમણે ગૃહત્યાગનું પગલું લીધું. કુરીવાજો ભેદભાવો, વર્ણવ્યવસ્થાની નાબુદી, સુધારા માટેનાં પગલાંની તથા તેનાં પ્રતીકરુપ ચીહ્નો દુર કરવાની શરુઆત પોતાનાથી તથા પોતાના કુટુંબથી કરવાની તેમની કાર્યશૈલી સુચક છે. 1909માં બહેનની નવ વર્ષે બાળવીધવા બનેલી પુત્રીનાં, રુઢીચુસ્ત કુટુંબીજનોના વીરોધ વચ્ચે, પુનર્લગ્ન કરાવવાની હામ ભીડી. આ જ ઢબે તેમણે પોતાની જ્ઞાતીસુચક અટક - નાયકર - નો પણ ત્યાગ (1929) કર્યો હતો.

કાશીવાસના અનુભવોએ ઈશ્વર, વર્ણવ્યવસ્થા, બ્રાહ્મણોની તુમાખીને કારણે બ્રાહ્મણવાદ સામે વીરોધની તીવ્ર લાગણી જન્મી. રામસામી એવા તારણ ઉપર આવ્યા કે, ઈશ્વર અને ધર્મ, બ્રાહ્મણોના જનતા ઉપર આધીપત્ય જમાવવાના, તેમનું શોષણ કરવાના તથા તેમને ગુલામ

બનાવવાનાં સાધન(શસ્ત્રો) છે. કાશીની ગંદકી, સ્મશાનઘાટનાં વરવાં દૃશ્યો, વેશ્યાઓની હાલત, બ્રાહ્મણોની જોહુકમીથી મન ઉબાઈ ગયું, ઘેર પાછા ફર્યા અને પીતાના વેપારનાં સુત્રો સાંભળી લીધાં.

1911માં પીતાના અવસાન બાદ સઘળો કારભાર તેમણે સંભાળી લીધો. ઈરોડના સમાજમાં તેમનાં માન, મરતબો અને મોભો હતો. જાહેરજીવનમાં તેઓ સક્રીય હતા. પ્લેગ દરમીયાન તેમણે બજાવેલી કામગીરી તેની નોંધપાત્ર મીસાલ છે. તેઓ અનેક સંસ્થાઓના પ્રમુખ (ઈરોડની નગરપાલીકા) કે ઉપપ્રમુખની જવાબદારી નીભાવતા હતા. 1920 સુધીમાં તો તેઓ એક અગ્રણી નાગરીક તરીકે ઉભરી આવ્યા હતા. 1919માં તેઓ કોંગ્રેસમાં જોડાયા અને ગાંધી દ્વારા પ્રેરીત 1920-21ના અસહકાર આંદોલનમાં (વેપારની જવાબદારીમાંથી મુક્ત થયા તથા નગરપાલીકાના પ્રમુખસ્થાનેથી રાજીનામું આપી) જોડાયા તેમજ પત્ની અને બહેન (કાનમ્મા) સાથે જેલવાસ પણ ભોગવ્યો. તેઓ ખાદી, દારુબંધી જેવા ગાંધીવાદી કાર્યક્રમોમાં પણ તનમનથી જોડાયા અને 1923-24 દરમીયાન મદ્રાસ પ્રદેશ કોંગ્રેસના પ્રમુખપદે વરાયા હતા.

### વાયક્કોમ સત્યાગ્રહ

મદ્રાસ પ્રદેશ કોંગ્રેસના પ્રમુખસ્થાનેથી તેમણે ચલાવેલો વાયક્કોમ સત્યાગ્રહ નોંધપાત્ર છે. કેરાલાના વાયક્કોમના મંદીરની આસપાસના રસ્તા ઉપરથી પણ દલીતો(એઝવા અને આદીદ્રવીડાર)ને પસાર થવાની મનાઈ હતી. તેમના મીત્ર ત્રાવણકોરના રાજવીની સત્યાગ્રહ મોકુફ રાખવાની સલાહને અવગણીને તેમણે સત્યાગ્રહ આરંભ્યો, બે વખત જેલવાસ પણ સ્વીકાર્યો. તેમનાં પત્ની, બહેન તથા અનેક કાર્યકરોએ પણ જેલ ભોગવી. છેવટે, સરકાર નમી અને સત્યાગ્રહ સફળ થયો. આ સમયે બ્રાહ્મણો દ્વારા સંચાલીત અખબારો દ્વારા સત્યાગ્રહ વીષે જે મૌન જાળવવામાં આવ્યું હતું તેથી નારાજ થઈ તેમણે પોતાનું અખબાર ‘કુડી આરસુ’ (પ્રજાસત્તાક, લોકરાજ, 1924) શરુ કર્યું.

સમાજમાં પ્રવર્તતા અન્યાય, શોષણ, ભેદભાવ, અસ્પૃશ્યતા જેવાં દુષણો સામે પેરીયારને ભારે રોષ હતો. આ માટે તેઓ બ્રાહ્મણવાદ, બ્રાહ્મણોના આધીપત્યને કારણરુપ ગણતા હતા. પરીણામે તેમણે બ્રાહ્મણો, તેમને મહત્ત્વ બક્ષતા ઈશ્વરના ખ્યાલ, ધર્મ, વેદ, પુરાણ, સંસ્કૃત ભાષા, કુરીવાજો, ઉત્તરનું આધીપત્ય વગેરે સામે આક્રમક ઝુંબેશ ચલાવી.

### કોંગ્રેસનો ત્યાગ

પેરીયારની અપેક્ષા હતી કે કોંગ્રેસના મંચ ઉપરથી સામાજીક ન્યાય જેવી બાબતો અંગે પગલાં લઈ શકાશે. તેઓ સતત આ માટે મથતા રહ્યા. ધારાસભા તથા નોકરીઓમાં બીનબ્રાહ્મણો (સામાજીક અને શૈક્ષણીક દૃષ્ટીએ પછાત વર્ગો) માટે અનામતની જોગવાઈ માટેના તેમના ઠરાવની અવગણના થતાં, વાયક્કોમ સત્યાગ્રહ પછી 1925માં છઠ્ઠી વખત તેમનો ઠરાવ નામંજુર થતાં, તેમને લાગ્યું કે સવર્ણોનું આધીપત્ય ધરાવતી કોંગ્રેસને નીમ્ન વર્ગો પ્રત્યે કોઈ હમદર્દી નથી. ભ્રમનીરસન પામેલા પેરીયારે કોંગ્રેસનો ત્યાગ કર્યો. આ સમયે મદ્રાસમાં જસ્ટીસ પક્ષ અને સ્વરાજ પક્ષ જેવા અન્ય બે પક્ષો હતા, તેમાં સ્વરાજ પક્ષમાં બ્રાહ્મણોનું આધીપત્ય હોવાથી, તે જસ્ટીસ પક્ષ તરફ આકર્ષાયા. અલબત્ત, તેઓ તેના સભ્ય ન હતા પણ તેની પરીષદોમાં સંબોધન કરતા.

### સ્વાભીમાન આંદોલન

આ સાથે તેમની પ્રવૃત્તીનું મુખ્ય કેન્દ્ર સ્વાભીમાન (સેલ્ફ-રીસ્પેક્ટ) આંદોલન (સ્થાપના 1925) બની રહ્યું. વીદેશી શાસન હટાવવાની લડત કરતાં સામાજીક ન્યાય અને સમાનતા તથા સમાજના નીચલા સ્તરના લોકોના અધીકારો માટેના સંઘર્ષને તેઓ અગ્રતા આપતા હતા. આ આંદોલન દ્વારા તેઓ દ્રવીડ પ્રજા અને સંસ્કૃતીના ગૌરવ, ધર્મના નામે ચાલતા શોષણ, અર્થહીન કુરીવાજો, પરંપરાઓ અને વીધી-વીધાનોની તથા બાળલગ્નોની નાબુદી, વીધવાઓનાં પુનર્લગ્ન તથા આંતરજ્ઞાતીય લગ્નોની હીમાયત કરતા હતા. ચેંગલપટ્ટુ અધીવેશન(17-18, ફેબ્રુ. 1929)માં પસાર કરાયેલા વર્ણવ્યવસ્થા, અસ્પૃશ્યતા, પુરોહીત પ્રથા, સંસ્કૃત કે ઉત્તર ભારતની ભાષાનો ઉપયોગ વીરુદ્ધના ઠરાવો તેની સાક્ષીરુપ છે. આ અધીવેશનમાં સંપત્તીમાં મહીલાઓને સમાન હક્કની તરફેણ કરતો, લોકોને પુજાપાઠ કે મંદીરો કે વૈદીક પાઠશાળાઓ પાછળ નાણાં ન વેડફવા, જ્ઞાતીસુચક અટક કે ચીહ્નો ત્યજવા આગ્રહ કરતા તથા જાહેર નાણાંનો શીક્ષણ તેમજ રોજગારીની તકો વધારવા માટે જ ઉપયોગ કરવાની હીમાયત કરતા ઠરાવો પસાર કરાયા હતા. મદ્રાસ (તામીલનાડુ) વીસ્તારમાં યોજાયેલા સ્વાભીમાન આંદોલનનાં એક પછી એક અધીવેશનોમાં અન્યાય, ભેદભાવ, મુર્તીપુજા, મંદીરો, બ્રાહ્મણવાદ સામે તથા સ્ત્રી-પુરુષ સમાનતા, તરફેણમાં વધુ અને વધુ ઉગ્ર ઠરાવો પસાર કરીને તેમજ પુરોહીત વીનાના આંતરજ્ઞાતીય લગ્નોને લોકપ્રીય બનાવી સ્વાભીમાન ઝુંબેશને પેરીયારે વ્યાપક બનાવી. ધારાસભામાં દેવદાસી પ્રથાની નાબુદી અંગેના ખરડાનું સમર્થન કરીને આ કલંકરુપ

ધૃણાસ્પદ પ્રથાની સામે અવાજ ઉઠાવ્યો. યુરોપ અને રશીયાનાં પ્રવાસેથી પાછા ફરી (1932) એક સમાજવાદી જાહેરનામું તૈયાર કર્યું અને તેનો પ્રચાર આરંભ્યો. તેમણે વર્ણવ્યવસ્થાના ભેદભાવ સામેની લડતને એક નુતન રાજકીય વીચારરધારાનો ઓપ આપ્યો. રાજગોપાલાચારીના નેતૃત્વ નીચેની મદ્રાસની સરકારે શાળાઓમાં હીંદી ભાષાનું શીક્ષણ ફરજીયાત બનાવતો કાયદો કર્યો તેને પેરીયારે તામીલ સંસ્કૃતીની અવજ્ઞા તથા ઉત્તરના બ્રાહ્મણવાદનું આક્રમણ ગણવી તેની સામે લડત આરંભી જેલ ભોગવી.

### દ્રાવીડ કળગમ પક્ષ

પેરીયાર જેલમાં હતા તે દરમીયાન (1938) તેમની જસ્ટીસ પક્ષના નેતા તરીકે વરણી થઈ. 1944માં જસ્ટીસ પક્ષનું દ્રાવીડેર કળગમ પક્ષમાં રુપાંતર થયું. તેમનાં પત્ની નાગમ્માનું 1933માં અવસાન થયું હતું. 1949માં 70 વર્ષની વયે તેમણે પોતાના અંગત મંત્રી 28 વર્ષનાં અન્નૈયાર મણીમ્મા સાથે લગ્ન કરતાં ભારે ઉહાપોહ થયો, પક્ષમાં ભંગાણ પડ્યું અને પક્ષનું એક જુથ અન્નાદુરાઈની આગેવાની નીચે અલગ થયું અને દ્રાવીડ મુન્નેત્ર કળગમ (ડીએમકે) નામે નવો પક્ષ રચ્યો. હવે, પેરીયારે પક્ષીય રાજકારણથી અલગ થઈને આંદોલન તથા વૈચારીક ઝુંબેશ પર ધ્યાન કેન્દ્રીત કર્યું.

### વીવીધ આંદોલનો

પેરીયાર બીનબ્રાહ્મણ (પછાત અને દલીત) વર્ણો માટેની અનામત માટે તરફેણ કરતા હતા અને તે માટે કોંગ્રેસ છોડી હતી તેમજ જસ્ટીસ પક્ષ સત્તા પર હતો ત્યારે (1928-29) પછાત, દલીત તથા મુસ્લીમ અને ખ્રીસ્તી જેવી લઘુમતી કોમો માટે સરકારી નોકરીઓમાં (જેમાં બ્રાહ્મણોનું પ્રભુત્વ હતું) અનામતની જોગવાઈ કરતો કાયદો પસાર કર્યો હતો. 1951માં પ્રજાસત્તાક ભારતનું બંધારણ અસ્તીત્વમાં આવતાં મદ્રાસની વડી અદાલતે આ કાયદો ગેરબંધાણીય ઠરાવતાં પેરીયારે ઉગ્ર આંદોલન આરંભ્યું. પરીણામે બંધારણનો પ્રથમ સુધારો થયો અને કલમ 15(4) દ્વારા સામાજીક તથા શૈક્ષણીક રીતે પછાત વર્ગો માટે અનામતની જોગવાઈ મંજુર થઈ. 1952માં સ્વાભીમાન આંદોલનના પ્રચાર-પ્રસાર માટેના ટ્રસ્ટની રચના કરી તથા માબાપના વ્યવસાયને સુસંગત શીક્ષણ આપવાની રાજગોપાલાચારીની શીક્ષણ- યોજના સામે જોરદાર ઝુંબેશ ચલાવી. જેના પરીણામે રાજગોપાલાચારીને રાજીનામું આપવું પડ્યું અને કામરાજ મુખ્યમંત્રી બન્યા જેમણે આ યોજના રદ કરી. 1953માં પેરીયારે મુર્તીપુજાવીરોધી આંદોલન શરુ કર્યુ અને જાહેરમાં મનુસ્મૃતી, રામાયણ તથા રામના પુતળાંના દહન તેમજ ગણેશની મુર્તીઓ ભાંગવાના કાર્યક્રમ યોજ્યાં. 1955માં આ માટે પેરીયારની ધરપકડ કરાઈ હતી. 1967માં અન્નાદુરાઈનો ડીએમકે પક્ષ સત્તા ઉપર આવતાં પેરીયારે તેને સમર્થન આપ્યું. આ સરકારે મદ્રાસનું નામ તામીલનાડુ રાખવાનો તથા સ્વાભીમાન લગ્નોને મંજુર કરતો નીર્ણય લીધો. ઉપરાંત, પેરીયારની ઝુંબેશના કારણે સરકારે, નાતજાતના ભેદભાવ વીના કોઈપણ વ્યક્તી પુજારી બની શકે, તેવો કાયદો પસાર કર્યો પણ સર્વોચ્ચ અદાલતે તેને ગેરકાનુની ઠરાવ્યો. 1970માં પેરીયારે રેશનાલીસ્ટ ફોરમની સ્થાપના કરી. જીવનના અંતીમ વર્ષોમાં પણ વીવીધ સંગઠનોની રચના તથા આંદોલનોમાં પેરીયાર સક્રીય રહ્યા. 1970માં યુનેસ્કોએ તેમને ‘નુતન યુગના પયગમ્બર તથા દક્ષીણ-પુર્વ એશીયાના સોક્રેટીસ તરીકે બીરદાવતાં સન્માનપત્રમાં જણાવ્યું હતું કે ‘પેરીયાર, નુતન યુગના પયગમ્બર, દક્ષીણ-પુર્વ એશીયાના સોક્રેટીસ, સામાજીક સુધારણા આંદોલનના જન્મદાતા અને અજ્ઞાન, વહેમ (અંધશ્રદ્ધા), અર્થહીન રીવાજો અને પાયાવીહીન આચારોના શત્રુ છે.’

આવા ઝુઝારુ પેરીયારનો વારસો ધરાવતા ડીએમકે પક્ષના વર્તમાન નેતાઓ અને તેનું સ્વરુપ જોતાં અફસોસ થાય. સત્તાનું રાજકારણ વૈચારીક ભુમીકા, મુળ લક્ષ્યો અને મુલ્યો સાથે કેવી અને કેટલી બાંધછોડ કરાવે છે, તેનાથી સાવ વીપરીત દીશામાં દોરી જાય છે, સત્તાલાલસાનું ગણીત આંદોલન અને ઝુંબેશને કેવી ઓગાળી નાંખે છે, તે જોઈ શકાય છે.

(ડૉ. રમેન્દ્ર અને ડૉ. કવલજીતના ‘Rationalism, Humanism and Atheism in Twentieth Century Indian Thought', પુસ્તકની પેરીયાર વીષેના લેખનની સામગ્રીનો આધાર આ લેખમાં લીધો છે, તેમની સૌજન્યપુર્ણ પરવાનગી માટે આભાર.)

**વીશેષ વાંચન :**


Dr. Ramendra, collaboration with Dr. Kawaljeet; Rationalism, Humanism and Atheism in Twentieth Century Indian Thought, Buddhiwadi foundation, 2015, Patana.

Finngeir Hiorth; Atheism in India, Indian Secular Society, 1998, Mumbai.

Collected Works of Periyar E.V.R., Periyar Self-respect Propaganda Institution, 1992, Madras. (Chennai).

K. Veeraamani; Periyar and his Ideologies, Periyar Self-respect Propaganda Institution, 1998, Chennai.

M. D. Gopalkrishnan; Periyar : Father of the Tamil Race, Emerald Publishers, 1996, Madras. ❑

# માધુકરી

## સ્વાદીષ્ટ રેસીપી

**રઘુરાજ સીંહ 'કર્મયોગી'**

રશ્મી ખુશ થી. રવી માં કો પેંશન ભુગતાન ઉઠાને કે લીએ બૈંક લે જાને વાલા થા. ઉસને ઈલાયચી, લોંગ ડાલકર બઢીયા ચાય બનાઈ. ચાય મેજ પર રખકર આવાજ દી, "માં જી, રવી ચાય તૈયાર હૈ. હાથ-મુંહ ધોકર આ જાઈએ. ગર્માગર્મ પી લો, નહીં તો ઠંડી હો જાએગી.'

માં સમઝ ગઈ કી આજ મહીને કી દો તારીખ હૈ. વહ સોચતી કાશ ઐસા હર સુબહ હોતા. કભી-કભી તો રવી સુરજ પકોડેવાલે કે યહાં સે પ્યાજ કી ગર્મ કચૌડી લે આતા. વહ ભી આજ જલ્દી તૈયાર હો ગયા. ઉલાહના દેતે હુએ રશ્મી સે બોલા - "દેખ રહી હો માં કમજોર હો ગઈ હૈ. તુમ હો કી ઉસકા ધ્યાન હી નહીં રખતી હો. સીર્ફ બચ્ચોં કી તીમારદારી કરતી રહતી હો.'

"ભાષણબાજી મત કરો રવી. થોડી દેર મેં ગોભી કે પરાંઠે બનાએ દેતી હું. માં-બેટે ખાકર બૈંક જાકર પેંશન લે આઓ.'

"હાં રશ્મી, ગોભી કે પરાંઠે માં કો ખુબ પસંદ હૈ.' રવી ને કહા.

માં ને બહુ-બેટે કી બાતચીત સુની તો ચેહરે પર પ્રસન્નતા કી હલ્કી-સી લકીર આ ગઈ. પેંશન કે બહાને એક-દો દીન સ્વાદીષ્ટ રેસીપી સે ખાતીર તો હો જાતી હૈ. ઈસકે બાદ રવી માં કો લેકર બૈંક પહુંચા. પેંશન કે કાગજ પર અંગુઠા લગવાકર બાબુ ને નજર ભર દેખા ઔર બોલા - "રવી બઢતી હુઈ ઉમ્ર મેં માં કો બૈંક મત લાયા કરો. કહીં ગીર ગઈ તો મહીનોં કે લીએ હડ્ડીયોં પર પ્લાસ્ટર ચઢ જાએગા.'

'મગર મેરી વીવશતા હૈ.'

'આજ કંમ્પ્યુટર કે જમાને મેં બૈંકો ને જગહ-જગહ એટીએમ મશીનેં લગવા દી હૈં. મેરી માનો તો માં કા એટીએમ કાર્ડ બનવા લો. મશીન મેં કાર્ડ ડાલો ઔર કભી ભી પૈસે નીકાલ લો. માં કો લાને લે જાને કા ઝંઝટ હી નહીં રહેગા.'

માં બેંચ પર બૈઠી-બૈઠી વાર્તાલાપ સુન રહી થી. મહીને કી દો તારીખ કે આસપાસ જો ખાતીરદારી હો જાતી હૈ વહ ભી સમાપ્ત. રવી ને એટીએમ કાર્ડ બનવા લીયા. માં કો અબ પતા હી નહીં ચલ પાતા કી રવી પેંશન કા ભુગતાન કબ ઉઠા લેતા હૈ.

[સૌજન્ય : "હંસ' : ડીસેમ્બર, 2016]

*

## ભારતમાં આર્થીક અસમાનતા : ગંભીર સુચીતાર્થો

**દીનેશ શુક્લ**

દર વર્ષે દેવોસમાં વર્લ્ડ ઈકોનોમીક ફોરમની બેઠક મળે છે. જેમાં રાજકીય નેતાઓ અને મોટાં કોર્પોરેશનોના વડાઓને હાજર રહેવાનું આમંત્રણ આપવામાં આવ્યું હોય છે. ગયા વર્ષ દરમીયાન આર્થીક અને રાજકીય ક્ષેત્રે જે મહત્ત્વના શકવર્તી બનાવો બન્યા, તેની પશ્ચાદ્‌ભુમાં આ બેઠક મળી હતી. તેમાં 'ગ્લોબલ રીસ્ક રીપોર્ટ'ની વીગતે ચર્ચા કરવામાં આવી. આતંકવાદ કે પર્યાવરણમાં થઈ રહેલ ફેરફારોની ચર્ચા કરવાને બદલે, વીશ્વમાં અને આપણા સંદર્ભમાં વધતી જતી આર્થીક અસમાનતાની ચર્ચા પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું.

ક્રેડીટ સુસીનો વાર્ષીક હેવાલ, જેનું શીર્ષક છે ગ્લોબલ વેલ્થ, 2016 તેના પર વીગતવાર ચર્ચા કરવામાં આવી.

આ રીપોર્ટમાં ઘણી વીગતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. 2016માં ભારતમાં સૌથી ધનીક એક ટકા લોકો દેશની લગભગ 60 ટકા સંપત્તીના માલીક છે. જ્યારે પ્રમાણમાં સમૃદ્ધ ગણાતા યુરોપીય રાષ્ટ્રોમાં સૌથી ધનીક એક ટકા લોકો પાસે જે-તે રાષ્ટ્રની 20થી 30 ટકા સંપત્તી છે. ભારતમાં

*આતંકવાદ કે પર્યાવરણમાં થઈ રહેલ ફેરફારોની ચર્ચા કરવાને બદલે, વીશ્વમાં અને આપણા સંદર્ભમાં વધતી જતી આર્થીક અસમાનતાની ચર્ચા પર ધ્યાન કેન્દ્રીત કરવામાં આવ્યું.*

20 ટકા ધનીક લોકો 80 ટકા સંપત્તીના માલીક છે.

ભારતમાં લગભગ 58થી 60 ટકા લોકો માંડ બે ટકા સંપત્તી ધરાવે છે. આર્થીક અસમાનતાની દૃષ્ટીએ આપણે (ભારત) ચીન કરતાં આગળ છીએ.

બીજા ઘણા એશીયાઈ દેશો જેમ કે પાકીસ્તાન, બાંગ્લાદેશ, મ્યાનમાર, શ્રીલંકાની સ્થીતી આર્થીક (સંપત્તીની) અસમાનતાની દૃષ્ટીએ ભારત કરતાં પણ બદતર છે.

આર્થીક અસમાનતા અનેક અસમાનતાઓની જનેતા ગણાય છે. સંયુક્ત રાષ્ટ્રસંઘ દ્વારા ઘોષીત ''ટકાઉ વીકાસનાં ધ્યેયો' (સસ્ટેઈનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ) પર ભારતે હસ્તાક્ષર કર્યા છે. આ ધ્યેયો ચરીતાર્થ કરવા એ આપણી નૈતીક ફરજ છે. એ માટે પ્રબળ રાજકીય ઈચ્છાશક્તીની જરુર છે.

આશ્ચર્યની વાત એ છે કે ભારતના કોઈ પણ રાજકીય પક્ષે આર્થીક અસમાનતા ઘટાડવાની વાત નથી કરી. આપણે યાદ રાખવું જોઈએ કે ગરીબીમાં ઘટાડો કરવો અને અસમાનતામાં ઘટાડો કરવો એ બંને અલગ બાબતો છે.

સમાજમાં પ્રવર્તતી આર્થીક અસમાનતા સાપેક્ષ વંચીતતાની લાગણી પેદા કરે છે. અને વીશ્વમાં થયેલી મોટા ભાગની ક્રાંતીઓ પાછળ આવી સાપેક્ષ વંચીતતાની લાગણીએ મહત્ત્વની ભુમીકા ભજવી છે.

[સૌજન્ય : **'બુદ્ધીપ્રકાશ'**, ફેબ્રુઆરી, 2017]

*

## નવી આરોગ્ય નીતી : આવકારની સાથે...

**ચંદુ મહેરીયા**

રાષ્ટ્રીય ગ્રાહક પંચે તાજેતરમાં મચ્છર કરડવાથી થયેલી બીમારીને કારણે થતા મોતને દુર્ઘટના ગણાતો ચુકાદો આપ્યો. આ ચુકાદાથી વીમા કંપનીએ ગ્રાહકને વળતર આપવું પડશે. ગુજરાત સરકાર 2022 સુધીમાં રાજ્યને મેલેરીયામુક્ત કરવા દૃઢનીશ્ચયી છે. સરકાર મેલેરીયાપીડીત નાગરીકની ત્વરીત સારવાર માટે હેલ્પલાઈન શરુ કરી રહી છે. મચ્છરજન્ય બીમારીના આ તાજા દાખલા દેશમાં અને રાજ્યમાં આરોગ્યક્ષેત્રે કેવી સ્થીતી છે તેનાં દ્યોતક છે. આ સંજોગોમાં કેન્દ્ર સરકારે દોઢ દાયકાની પ્રતીક્ષા પછી જે નવી આરોગ્ય નીતી જાહેર કરી છે, તે સ્વાગતાર્હ છે.

નવી આરોગ્ય નીતી દેશના તમામ નાગરીકોને શીક્ષણ, અન્ન અને માહીતીના અધીકાર જેવો કોઈ આરોગ્યનો અધીકાર તો નથી આપતી, પણ ગરીબો-વંચીતોને સસ્તી અને યોગ્ય તબીબી સારવારની ખાતરી જરુર આપે છે. આઝાદીના સીત્તેર વરસે સરકારને લોકોના આરોગ્ય માટે પ્રાથમીક આરોગ્ય કેન્દ્રો પાયાની જરુરીયાત લાગી છે તે સાચી દીશાની નીતી છે. 2025 સુધીમાં સરકાર જીડીપીનો 2.5 ટકા હીસ્સો આરોગ્ય માટે ખર્ચવાનું પણ વચન આપે છે. આ નીતીમાં સરકારે કેટલાક રોગોને ચોક્કસ સમયમર્યાદામાં નાબુદ કરવાનું કે તેમાં મોટો ઘટાડો કરવાનું પણ નક્કી કર્યું છે. બીમારી પછીની સારવારને બદલે સ્વસ્થ અને તંદુરસ્ત નાગરીક પણ સરકારની પ્રાથમીક્તા છે.

દેશના બંધારણ મુજબ આરોગ્ય સંયુક્ત યાદીનો વીષય છે. એટલે કેન્દ્રની આરોગ્ય નીતીનો સ્વીકાર અને અમલ રાજ્ય પર આધારીત છે. પરંતુ હાલમાં દેશમાં જે પ્રકારની આરોગ્યની સ્થીતી પ્રવર્તે છે તે ચીંતાજનક છે. ડૉક્ટરોની અછત છે તો ખાનગી સારવાર એટલી મોંઘી છે કે તે સામાન્ય માણસને પરવડે તેવી નથી. વીશ્વ આરોગ્ય સંસ્થા(WHO)નો એક અહેવાલ ભારતમાં એક લાખની વસ્તીએ 80 ડૉક્ટરો છે તેમ જણાવે છે. ગામડાઓમાં લોકોની સારવાર કરતા કહેવાતા ડૉક્ટરોમાંથી ત્રીસ ટકા તો યોગ્ય તબીબી ડીગ્રી વીનાના હોવાનું પણ તેમાં જણાવાયું છે.

ગરીબી અને ગંદકી લોકોને થતા રોગોના મુળમાં છે. તેમાં ડૉક્ટરો અને દવાખાનાંનો અભાવ ઉમેરાતાં પરેશાની વધે છે. દસ હજારની વસ્તી દીઠ દવાખાનામાં માંડ નવ પથારીની સગવડ આપણે ધરાવીએ છીએ. ગરીબ માણસને ખાનગી દવાખાનાની મોંઘી સારવાર પોસાતી નથી અને સરકારી દવાખાનામાં સગવડ નથી. જો ગરીબ કે મધ્યમવર્ગના લોકોને ખાનગી દવાખાને સારવાર કરાવવી પડે તો તેની આર્થીક સ્થીતી વધારે નાજુક બને છે. જોકે તેનો તે સીવાય છુટકો નથી, કેમ કે દેશના 70

*ગરીબી અને ગંદકી લોકોને થતા રોગોના મુળમાં છે. તેમાં ડૉક્ટરો અને દવાખાનાંનો અભાવ ઉમેરાતાં પરેશાની વધે છે.*

ટકા શહેરી અને 65 ટકા ગ્રામીણ લોકો ખાનગી દવાખાના પર જ નીર્ભર છે. નવી આરોગ્ય નીતીમાં સૌને માટે સ્વાસ્થ્ય કેટલું અઘરું છે તે આ હકીકત પરથી સમજાય છે.

કલ્યાણરાજ્યને વરેલી આપણી લોકશાહી સરકારો માટે જાહેર આરોગ્ય સાવ જ ઉપેક્ષીત છે. કેન્દ્ર અને રાજ્ય સરકારો આરોગ્ય પાછળ નજીવો ખર્ચ કરે છે. જીડીપીના છ ટકા જાહેર આરોગ્ય માટે ખર્ચવાના વૈશ્વીક માપદંડથી આપણે ઘણા પાછળ છીએ. હાલમાં ભારત તેના જીડીપીનો માત્ર 1.04 ટકા જ ખર્ચ આરોગ્ય માટે કરે છે. બ્રાઝીલ 3.8 ટકા, રશીયા 3.7 ટકા અને ચીન 3.1 ટકા ખર્ચ કરે છે. અમેરીકાની ઓબામા હેલ્થ કેર યોજના કે બ્રીટનની 80 ટકા વસ્તીને આવરી લેતી જાહેર આરોગ્ય સેવાઓ અપવાદ છે પણ બાકીના વીશ્વમાં સ્થીતી સંતોષજનક નથી. હવે ભારત સરકાર 2022 સુધીમાં જીડીપીના 2.5 ટકા સુધી પહોંચવા જણાવે છે ખરી, પણ તે ઘણું અપુરતું છે.

સ્વસ્થ નાગરીકની પાયાની શરત સ્વસ્થ બાળક અને સ્વસ્થ માતા છે. આ બાબતમાં ભારત સાવ જ તળીયે છે. ચોથા નેશનલ ફેમીલી હેલ્થ સર્વેક્ષણનો તાજો અહેવાલ નોંધે છે કે દેશમાં દર એક હજારે 41 બાળકો જન્મતાં જ મૃત્યુ પામે છે. ઉત્તર પ્રદેશમાં તેનો દર હજારે 64, છતીસગઢમાં 54, મધ્ય પ્રદેશમાં 51 અને બીહાર-આસામમાં 48 છે. પાંચ વરસની ઉંમરના કુપોષીત બાળકોનું પ્રમાણ દેશમાં 35.7 ટકા છે. પણ દેશનાં ઘણાં રાજ્યો આ રાષ્ટ્રીય સરેરાશથી વધુ ઉંચો દર ધરાવે છે. બીહારમાં 48.3 ટકા, યુ.પી. 46.3 ટકા, ઝારખંડ 45.2 ટકા, મેઘાલય 43.8 ટકા અને મધ્યપ્રદેશ 42 ટકા કુપોષીત બાળકો ધરાવે છે. 2025 સુધીમાં સરેરાશ આયુષ્યમર્યાદા વધારીને 70 વરસ કરવાનું લક્ષ નવી આરોગ્ય નીતીનું છે, પણ તેના માટે મોટો પડકાર શીશુ મૃત્યુ દર ઘટાડવાનો છે.

2030 સુધીમાં કેન્સર, ડાયાબીટીસ અને હૃદય સંબંધી બીમારીઓની સારવાર માટે ભારતમાં 41 લાખ કરોડ રુપીયા ખર્ચાશે તેવો અંદાજ WHOનો છે. તેના પરથી આરોગ્યની ઉપેક્ષા સરકાર અને સમાજને કેટલી મોંઘી પડી શકે છે તે જણાય છે. રાજકીય ઈચ્છાશક્તી જો જાહેર આરોગ્યના તંત્રને દૃઢ બનાવવાની નહીં હોય તો તે દેશના અર્થતંત્રને ખોરવી શકે તેમ છે તે સત્ય નીતીનીર્ધારકોએ સમજી લેવાની જરુર છે. સમયબદ્ધ આયોજન અને પુરતાં સંસાધનો લગાવીને ડૉક્ટરો અને દવાખાનાની અછત પુરી કરવાની છે. આ દીશામાં દીલ્હીની આમઆદમી પાર્ટીની રાજ્ય સરકારના મહોલ્લા ક્લીનીકની યોજના ધ્યાનપાત્ર છે. દીલ્હી સરકારે અત્યાર સુધીમાં 107 મોહલ્લા ક્લીનીક શરુ કરી દીધાં છે. તે 1000 મોહલ્લા ક્લીનીક બાંધવા માગે છે, પરંતુ સૌથી મોટો અંતરાય જમીનનો છે. હવે સરકારી શાળામાં આવા પ્રાથમીક આરોગ્ય કેન્દ્રો દીલ્હી સરકારને બાંધવા મંજુરી મળી છે. આ દવાખાનામાં તમામ પ્રકારની સારવાર અને તબીબી તપાસ મફત કરવામાં આવે છે. મોટી અને અદ્યતન સાધન સુવીધાથી સજ્જ હૉસ્પીટલોની સાથે લોકોની રોજબરોજની જરુરીયાત માટે ઘરની નજીકના આવાં મહોલ્લા ક્લીનીક ખુબ જરુરી છે.

એક જમાનામાં તબીબી વ્યવસાય એ સેવાનું ક્ષેત્ર હતો. આજે તે ધંધો બની ગયું છે. સેવાવૃત્તી અલોપ થઈ ગઈ છે. તબીબી સારવાર એટલી મોંઘી છે કે માંદા પડવું હવે આર્થીક પાયમાલી તરફ લઈ જનારી બાબત બની ગઈ છે. હૃદયરોગ સંબંધી બીમારીમાં હૃદયને લોહી પહોંચાડતી ધમનીઓ સંકોચાઈ જાય ત્યારે ડૉક્ટર જે સ્ટેન્ટ મુકે છે તેના ભાવ હૃદય બંધ પડી જાય તેટલા લેવાય છે. આ વરસના ફેબ્રુઆરી મહીનામાં તમામ પાસાં વીચારીને કેન્દ્ર સરકારે રુપીયા સીત્તેર હજારથી બે લાખે અપાતા સ્ટેન્ટનો ભાવ રુપીયા ત્રીસ હજાર ઠરાવ્યો, તો તેનો ભારે વીરોધ થયો. તેમાં ન ફાવ્યા તો કૃત્રીમ અછત ઉભી કરી. આ એક જ ઉદાહરણ તબીબી ક્ષેત્રની પડતી અને સ્થીતી દર્શાવે છે. તબીબી ક્ષેત્રમાં જ ધંધાદારી દલાલોનું ચલણ છે અને ડૉક્ટરો એ જ રસ્તે પ્રવૃત્તી કરે છે તેના કારણે જેનેરીક દવાઓનો સરકારનો પ્રયાસ સફળ થતો નથી. હવે ખુદ સરકારે દવાઓની દુકાનો શરુ કરવી પડી છે. નવી આરોગ્ય નીતી પંદર વરસ પછી આવી છે. તેની ઘણી બાબતો આવકારદાયક છે, તો કેટલીક ટીકાપાત્ર પણ છે. જો કે ખરો સવાલ તેના અમલનો છે.

> *રાજકીય ઈચ્છાશક્તી જો જાહેર આરોગ્યના તંત્રને દૃઢ બનાવવાની નહીં હોય તો તે દેશના અર્થતંત્રને ખોરવી શકે તેમ છે તે સત્ય નીતીનીર્ધારકોએ સમજી લેવાની જરુર છે.*

[સૌજન્ય : **'દીવ્ય ભાસ્કર'** : 6-4-2017]

❑

# પત્ર-સાર

ગુજરાતના બે કેબીનેટ પ્રધાનોએ 500 ભુવાઓનું સન્માન કર્યું, આ ઉપરાંત થોડા સમય પહેલાં ભુવાઓના શીરમોર રમણ માડીને ગુજરાત સરકારે ડૉ. બાબાસાહેબ આંબેડકર એવોર્ડ આપીને બાબાસાહેબના મોં ઉપર તમાચો માર્યો છે. આ રમણ માડી લોકોને અંધશ્રદ્ધામાં રાખીને કરોડપતી બની ગયેલ છે.

બાબાસાહેબને આઝાદી પહેલાં અમદાવાદમાં જ કેટલાક મુર્ખ દલીતોએ કાળા વાવટા બતાવી અપમાનીત કર્યા હતા. આજે એક દલીત અને બીજા બીનદલીત અનુક્રમે આત્મારામ પરમાર અને શીક્ષણમંત્રી ભુપેન્દ્ર ચુડાસમા કે જેઓ બાબાસાહેબનું બીજી કોઈ રીતે અપમાન કરી શકે તેમ ન હોવાથી તેમના વીચારો અને તેમણે કરેલી દલીતોની ઉન્નતીને મીટીયામેટ કરનારાઓનું સન્માન કરીને કર્યું છે. આ કેવા પ્રકારની સરકાર છે ? એક બાજુ તે વાયબ્રન્ટ ગુજરાત કરે છે, ડીજીટલ ઈંડીયાના નામે ધુણે છે અને બીજી બાજુ અંધશ્રદ્ધા તથા અજ્ઞાન ફેલાવતા અશીક્ષીત ભુવાઓને માથે ચઢાવે છે. આ પ્રધાનો અને તેમના અનુયાયીઓ એમ માનતા લાગે છે કે જો ભુવાઓ તેમના ઉપર રાજી રહે તો ચુંટણી વખતે ડાકલા વગાડી, મુઠ મારીને લોકોને ઘેનમાં રાખી મતો અપાવશે. આ તેમની ભ્રમણા છે. સામાજીક ન્યાય અધીકારીતાના પ્રધાનને એ ખબર પડતી નથી કે પ્રધાન થઈને કેવા કાર્યો કરવા ? શીક્ષણમંત્રી કે જેમનું કામ શીક્ષણથી અંધશ્રદ્ધા દુર કરી જાગૃતી ફેલાવવાનું છે તેને બદલે તેઓએ શું સમજીને અંધશ્રદ્ધાના પ્રતીકો એવા ભુવાઓનું સન્માન કર્યું હશે ?

બાબાસાહેબ કહેતા હતા કે હું મોડી રાત સુધી એટલા માટે જાગું છું કે મારા લોકો સુઈ રહ્યા છે, તે હજુ જાગ્યા નથી (જાગૃત થયા નથી). તેઓ જાગૃત બને, શીક્ષણ મેળવે, અંધશ્રદ્ધામાંથી મુક્ત થાય, સામાજીક અસમાનતા સામે સંઘર્ષ કરે અને સન્માનીત બને તેવા પ્રયત્નો બાબાસાહેબે કર્યા હતા. તેમના મૃત્યુ બાદ તેમના કાર્યોને આગળ ધપાવવા જેમણે કાર્ય કર્યું હોય કે ન કર્યું હોય તેમાંથી સરકારની પસંદગીના કેટલાક લોકોને આંબેડકર એવોર્ડ એનાયત થયા છે. રમણ માડીએ બાબાસાહેબે બતાવેલ કયું કાર્ય કર્યું છે કે તેમને આ સરકારે આંબેડકર એવોર્ડ આપ્યો છે ?

દલીત સમાજ પોતાની દુર્દશાના કારણો સમજે નહીં, અંધશ્રદ્ધામાં ભુવાઓમાં અને વહેમોમાં સબડ્યા કરે, તેમના વીકાસ પ્રત્યે જાગૃત બને નહીં તે માટે દાવપેચ અજમાવતા લોકોને ઓળખવા પડશે. સત્તાનશીન લોકોને તો એમ છે કે ભલેને દલીતો આ બધા વહેમો, અંધશ્રદ્ધામાં પડ્યા રહે. જો દલીતો જાગશે તો રાજસત્તામાં અને દેશની સમૃદ્ધીમાં બરાબરનો ભાગ માંગશે એટલે તેઓ જેમ છે તેમ તેમને રહેવા દો.

થાનગઢના 3 દલીત દીકરાઓને છાતીમાં ગોળીઓ મારનાર સરકાર સામે આખા ગુજરાતના દલીતોમાં હાહાકાર મચી ગયો હતો, આખું ગુજરાત સ્તબ્ધ થઈને વીરોધમાં ઉમટી પડ્યું હતું ત્યારે આ ભુવાઓ શું કરતા હતા ? ડૉ. આંબેડકરને નીચા પાડવા માટે આ પ્રસંગ ઉભો કરનાર પ્રધાનો દલીતોની કયા પ્રકારની સેવા કરવા માંગે છે ? સરકાર ઉપર કાળી ટીલી લાગી ચુકી છે, તેને જો દુર કરવી હોય તો તત્કાળ રમણ માડીનો આંબેડકર એવોર્ડ પરત લઈ લેવો જોઈએ અને ભુવાઓના સન્માનની ભુલ સ્વીકારી બાબાસાહેબ અને જનતાની માફી માગવી જોઈએ. આમ થાય તો જ બાબાસાહેબનું થયેલું અપમાન, અવમાન થોડેઘણે અંશે દુર થાય.

**- આનંદ પરમાર**

[પી. કસ્ટીયાની ચાલ, રાજપુર-ગોમતીપુર, અમદાવાદ-380021]

આજે સમાજમાં ચારેકોર અજંપો, ખાલીપો જોવા મળે છે. માનવીય મુલ્યોનો દુકાળ વર્તાઈ રહ્યો છે. હકારાત્મક વીચારધારા ઘટી રહી છે. માનવ-માનવ વચ્ચે અંતર વધી રહેલ છે. તેમજ તણાવ વધતો જાય છે. આવા સમયે કર્મશીલો કે સારા મેગેઝીનનો નૈતીક ધર્મ શું હોઈ શકે ? શું અન્યની ટીકાઓ કરવાથી કોઈ પરીણામ મળી શકશે ? માત્ર ગાંધી-વીનોબાના ઉદાહરણો આપવાથી કામ સંપન્ન થશે ? કંઈક જુદી જ રીતે વીચારી કામ કરવું પડશે, તેવું મને લાગે છે. આજે મંદીરો સાધુ સંતો કે સ્વૈચ્છીક રચનાત્મક સંસ્થાઓની સંખ્યા વધી રહી છે. છતાં સમાજમાં સંવાદીતા કેમ ઉભી થતી નથી ? પરીવારભાવના કે રાષ્ટ્રભાવના કેમ ઘટી રહી છે ? શું આ બાબતે સામુહીક મનોમંથન કરવા જેવું નથી લાગતું ? રચનાત્મક ક્ષેત્રે કાર્યરત વડીલો સાચા માર્ગદર્શક

બની, યુવાનોને જવાબદારી સોંપવાની ઉદારતા કેળવો. યુવાપેઢીને સંગઠીત કરી રચનાત્મક ક્ષેત્રે આગળ વધે તેવું વાતાવરણ ઉભું કરીએ, સજ્જન માણસો એક મંચ ઉપર આવે તે આજની જરુરીયાત છે. પોતાની માન્યતાઓ બદલી, અહમ્‌ને ઓગાળી એકબીજામાં ભળી જઈએ. અરસ-પરસ એકબીજાને સમજવાની અને સ્વીકારવાની ઉદારતા કેળવીએ એ જ આપણા સૌના હીતમાં છે. વાતો ઓછી, કામ વધારે કરવાથી જ સમાજમાં એકાગ્રતા, સમજદારી અને ભાઈચારો ઉભો થશે. કદાચ એ જ આજના ખાલીપા અને અજંપાને ઘટાડવા માટે દીવાદાંડીરુપ બની શકે. આવો, આપણે સૌ સેતુબંધ બની આપણી સંસ્કૃતી, પ્રકૃતી અને રાષ્ટ્રીય ભાવનાને ઉજાગર કરીએ.

**- સાવલીયા દેવચંદ**

[વીશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ, બગસરા, જી. અમરેલી-365440.]

ખેડુતોના હક્ક માટે લડતા લડવૈયા સાગરભાઈનો ખુલ્લો પત્ર 'નયા માર્ગ'માં વાંચ્યો. આપને અભીનંદન અને શુભેચ્છા. ગુજરાતના ખેડુત સમાજને હાકલ કે જગતના તાતો ! જાગો, જાગતા હો તો બેઠા થાવ, બેઠા હો તો ઉભા થાવ અને ઉભા હો તો હાલતા - ચાલતા - બોલતા થાવ... ગાંધીનગરની - ચાર પાયા (1) ભ્રષ્ટાચાર, (2) આપખુદ, (3) નર્યો દંભ અને દેખાવ, (4) અન્યાયની - ખુરશી ઉપર બેઠેલાને પછાડી દો. લોકશાહીને ઠોકશાહી અને થોપશાહી બનાવી દેનાર આ મગતરાઓના ચાર પાયા હચમચાવી, ઉખેડી નાખો ! કામ આકરું છે, અઘરું પણ છે. પરંતુ અસ્તીત્વને ટકાવી રાખવા માટે કરવા જેવું કામ છે. એક સાથે જોર લગાવીશું તો ભ્રષ્ટાચાર, આપખુદશાહી, દંભ-દેખાડા, અન્યાય કડડભુસ થઈ જશે.

**- કાંતીલાલ છ. ભુત**

[રાજકોટ (મો) 9898517718]

16/5ના અંકમાં શ્રીમદ્ રાજચંદ્ર વીશેનો વીગતખચીત લેખ તથા દીલીપ રાણપુરા વીશેનો લેખ પણ સરસ છે. હું જ્યારે ભુકંપવેળા ઈજાગ્રસ્ત હતો ત્યારે દીલીપભાઈ મારા ક્ષેમકુશળ જાણવા ભુજ આવેલા. પ્રેમાળ અને લાગણીભીનાં દીલીપભાઈને ક્યારેય ભુલી શકાય નહીં. એ જ અંકમાં નેહરુનું ઈતીહાસદર્શન, મનીષી જાનીની કવીતા ગમ્યાં.

**- બાબુલાલ ગોર**

[65, ભાનુશાલીનગર, કર્મભુમી એપા. સામે, ભુજ-370001]

હર્ષદ ત્રીવેદીનો લેખ 'દીલીપ રાણપુરા : મોં મેળાના માણસ' વાંચ્યો. દીલીપભાઈ વીશે કેટલીક નવી અને નીખાલસ વાતો કરી છે, તે વાંચવી ગમી. લેખકને અને તમને શુભેચ્છાઓ પાઠવું છું.

**- સવશીભાઈ મકવાણા** (પુર્વસાંસદ)

[મુ. ધજાળા, તા. સાયલા-363440]

સમયજળ અવીરત વહેતું જ રહે છે. સમયને કાળદેવતા પણ કહીએ જ છીએ. ચોગરદમ જે ચાલી રહ્યું છે એ સમયજળ જોતું જ હશે. કાળદેવતાની આંખ બધે જ ફરતી જ હશે ને ! સાંપ્રત વીશ્વના તખ્તા પર જે બધું ખેલાતું, ભજવાતું, ભીડાતું, રહ્યું છે; એ જોઈ, જાણી, સમજીને, કોઈપણ વેદનપટુનું હૈયું હચમચી જાય એવું વાતાવરણ છે. યુદ્ધની ભેંકારતાને, યુદ્ધ પછીની અરાજકતાને, ભયાવહ સ્થીતી કોણ નથી જાણતું ને છતાં જુદા જુદા વરવાંરુપે એ ખેલાતું જ રહ્યું છે ને રહે છે ! વેરના વળામણાં તો રક્તના એ બુંદ જેવું છે જેમાંથી અસંખ્ય રાક્ષસ જન્મે, પણ ક્યાં છે જંપવારો ? ક્યાં છે શાંતીના કબુતરોનું ઉડ્ડયન ! ભ્રષ્ટાચારના ભોરીંગથી કોણ અપરીચીત છે ને છતાં એને નાથવામાં નાસીપાસ આપણે લાચાર બની જોઈ રહીએ છીએ. સહદેવ પાસે ત્રીકાળજ્ઞાન હતું તો સાથોસાથ ભયંકર લાચારવશતાય હતી. વેદનાશીલ માનવી ત્રીકાળજ્ઞાની તો નથી પરંતુ એની સમજ સાથે ચાલનાર સહપંથા ક્યાં છે ? આ વેદનાના વમળોમાં એ અટવાય છે ને કદીક એ વમળ કળણ પણ બને છે. આ છે અભીશાપ !

**- ડૉ. સીલાસ પટેલીયા**

[મો. 93772 66828]

ડૉ. બાબાસાહેબની 126મી જન્મજયંતીની ઉજવણી પુરી થઈ. એક જ ત્રાજવે બધા જ રાજકીય પક્ષોએ ડૉ. આંબેડકરના વીચારોને પોતપોતાની રીતે તોલવાનું કામ કર્યું. 'જય ભીમ'ના નારા પણ ખુબ ગર્જ્યા અને વરસ્યા. જોકે હવે આ નારા પોકારવાથી કશું વળવાનું નથી, કારણ ભાજપ સરકાર સત્તા પર આવ્યા પછી સાંપ્રદાયીક પરીબળો અને ધર્માંધ તાકાતોને પુરતું પોષણ મળી રહ્યું છે. આ લોકો મહારાષ્ટ્રના ઓબીસી-દલીતોને રાજકીય રીતે આંબેડકરવાદથી દુર લઈ જવાનું મોટું ષડયંત્ર રમી રહ્યા છે. ડૉ. આંબેડકર - હેડગેવાર, આંબેડકર - ગોલવલકર એવી તુલના કરીને દલીતને આંદોલનથી વીખુટા પાડવાનો મોટો કારસો ઘડી

રહ્યા છે. સંઘ અને ભાજપનું આ ખુબ મોટું અભીયાન છે પરંતુ આંબેડકરવાદીઓ હજુ હોશમાં આવતા નથી. હવે માત્ર નારાબાજીમાં ન અટવાતાં તમામ બહુજન સમાજ સાથે વૈચારીક નાતો જોડીને અને સમવીચારી ધર્મનીરપેક્ષ જાતી-ધર્મો સાથે સાંસ્કૃતીક મીત્રતા કેળવીને જાગતીકરણની નવી દીશામાં વ્યાપક આંબેડકરવાદ ઉભો કરવો પડશે. છેલ્લા કેટલાક વર્ષોથી ભારતના ધર્માંધ પરીબળોએ ઐતીહાસીક ઘટનાઓ, પ્રતીકો અને મહાપુરુષોના નામનો ચાલાકીથી ઉપયોગ કરીને લોકો પર સાંસ્કૃતીક આક્રમણ ઠોકી બેસાડવાનો કારસો શરુ કર્યો છે. ક્યારેક રાજકીય નીર્ણયથી, ક્યારેક 'મન કી બાત' તો ક્યારેક દેશદ્રોહી સંગઠનોને સંબોધન નીમીત્તે આ બધું કરવામાં આવે છે. વીકી ડોનીયર, પેરુમલ મુરુગન, રોહીત વેમુલ્લા, કન્હૈયાકુમાર, ગુરમહેર કૌરના દાખલાઓ તાજા છે. નરેન્દ્ર દાભોલકર, ગોવીંદ પાનસરે અને એમ. એમ. કલબુર્ગીની હત્યાઓના ઘાની હજુ પણ રુઝ વળી નથી.

મુડીવાદી રાજકારણમાં જે જોઈએ તે મેળવવા માટે પોતાની મરજી અનુસાર રાષ્ટ્રવાદની વ્યાખ્યા આ તત્ત્વો બદલતા રહે છે. રાષ્ટ્રવાદ બેધારી તલવાર હોવાનું ભારતના ભાગલા સંદર્ભે ડૉ. બાબાસાહેબે લખ્યું છે. પહેલાં હીંદુત્વ એટલે રાષ્ટ્રવાદ એવો પ્રચાર ભાજપે પુરજોશમાં કર્યો અને હવે હીંદુત્વ એટલે વીકાસનો નવો રાજકીય એજન્ડા વડાપ્રધાન નરેન્દ્ર મોદી લઈ આવ્યા. વાજતે-ગાજતે એનો પ્રચાર-પ્રસાર કર્યો. ઉત્તર પ્રદેશ વીધાનસભા અને મહારાષ્ટ્રની મહાનગરપાલીકાની ચુંટણીમાં વીકાસનો મુદ્દો ઉછાળીને વીજય પ્રાપ્ત કર્યો. વીકાસના સાજ-શ્રૃંગારના નવા વાઘા સાથે હીંદુત્વના રાજકારણ સામે કેવી રીતે મુકાબલો કરવો એ આજના આંબેડકરવાદીઓ સામે મોટો પડકાર છે.

**- સુભાષ પાળેકર**

[વડોદરા (મો) 99983 45602]

❑

# માનવસંસ્કૃતીનો નવો નકશો દોરનારા ગાંધી

**મોહન દાંડીકર**

વીસમી સદીનો ઈતીહાસ તપાસીએ તો તેમાં અનેક પ્રકારનાં આંદોલનો થયાં છે, યુદ્ધો થયાં છે, ક્રાંતીઓ થઈ છે. એટલે તો વીસમી સદીને ઈતીહાસની હીંસક સદી તરીકે પણ ઓળખવામાં આવે છે. સાથોસાથ આ સદીમાં અનેક મહાન સંતો, મહાત્માઓ, સાહીત્યકારો, રાજપુરુષો પણ થયા છે. જેમણે પોતાના વીચારો દ્વારા, કાર્યો દ્વારા, મહત્ત્વનું યોગદાન આપ્યું છે. તેમાં એક મહત્ત્વનું અને પ્રભાવક નામ છે મહાત્મા ગાંધીનું. જેમને વીશે આચાર્ય રજનીશજીએ એવું કહ્યું છે કે 'મહાત્મા ગાંધી જૈસા વ્યક્તીત્વ પ્રાપ્ત કર ને કે લીયે પૃથ્વી યુગોં તક પ્રતીક્ષા કરતી હૈ.' લુઈ ફીશરે એવું કહ્યું છે કે, 'હું લેનીન, સ્ટેલીન, ચર્ચીલ, રુઝવેલ્ટ, એટલી, આઈન્સ્ટાઈનને મળ્યો છું. પણ ગાંધી કરતાં વધુ ચમત્કારીક માણસને હું મારી જીંદગીમાં મળ્યો નથી.' તેમણે દક્ષીણ આફ્રીકામાં અને ભારતમાં અંગ્રેજ સરકારની સામે અહીંસક આંદોલનો કરીને નવો ઈતીહાસ સર્જ્યો હતો. દુનીયાને નવી દીશા મળી હતી. લોહીયાળ યુદ્ધો કર્યા વીના પણ લોકશક્તીના સંગઠીત બળથી ખુંખારમાં ખુંખાર તાનાશાહને પણ હટાવી શકાય. આનો પ્રભાવ સમગ્ર દુનીયા પર પડ્યો. આ આંદોલનોમાંથી પ્રેરણા લઈને દુનીયાના અનેક દેશો, જેઓ વર્ષોથી ગુલામીમાં સબડતા હતા, આઝાદ થયા. વસાહતવાદ એક સ્વપ્ન બની ગયું.

આનાથી આકર્ષાઈને કોઈ ભારતીયને નહીં પણ એક અંગ્રેજને, એટનબરોને, એમ થયું કે આ માણસ પર તો એક સરસ ફીલ્મ બનવી જોઈએ. અને એમણે 'ગાંધી' ફીલ્મ બનાવી. આ ફીલ્મ ઈંગ્લીશ, ફ્રેંચ, સ્પેનીશ, અરબી, બર્મીઝ, ફારસી, હીબ્રુ, ઈન્ડોનેશીયન, ઈટાલીયન, મેન્ડેરીઝ, નેપાળી, રશીયન, વીયેટનામી એમ 13 ભાષાઓમાં બની છે. આ ફીલ્મને આઠ ઓસ્કાર એવોર્ડ મળ્યા છે. એવું દેખાય છે કે બીજા વીશ્વયુદ્ધથી થાકેલા, ત્રાસેલા, પશ્ચીમી દેશોમાં ગાંધી માટેનું આકર્ષણ વધતું જાય છે. ગાંધી વધુ ને વધુ સ્વીકારાતા જાય છે. ગાંધી વીશે વધુ ને વધુ જાગૃતી આવતી જાય છે. લોકો ગાંધીને નવા વીકલ્પરુપે જોઈ રહ્યા છે. વીસમી સદીના મહાન ક્રાંતીકારી ચે ગુવેરાની દીકરી એલેઈડા 1997માં દીલ્હી આવી હતી, ત્યારે તેણે કહ્યું હતું કે મારા પીતા ચે પર મહાત્મા ગાંધીની જબરજસ્ત અસર હતી. 'ગાંધી' ફીલ્મ જોયા પછી અમેરીકાની 28 વર્ષની લેસલી કોબ લશ્કરી અધીકારી તરીકે રાજીનામું આપી દે છે, પરીણામે એની ઉપર કોર્ટ માર્શલ થાય છે.

11 સપ્ટેમ્બરે વર્લ્ડ ટ્રેડ સેન્ટર પર આક્રમણ થયું તે પછી અમેરીકાના

*જે લોકો એવું માનતા હતા કે એમને જે પ્રકારની સમાજરચના કરવી છે તેમાં ગાંધી અવરોધરૂપ છે તેવા લોકોએ ગાંધીજીની હત્યા કરી હતી.*

યુવાનોએ એક સંગઠન બનાવ્યું છે. નામ આપ્યું છે - વી વોન્ટ પીસ, નો વોર : અમારે શાંતી જોઈએ છે યુદ્ધ નહીં. ન્યુ યોર્કમાં પાંચ લાખ માતાઓ ભેગી થઈ હતી. તેમણે કહ્યું હતું કે અમે તો નીર્દોષ બાળકોને જન્મ આપીએ છીએ. અમારી માગણી છે શસ્ત્રોનું ઉત્પાદન ઓછું કરો. તેનો વ્યાપાર બંધ કરો. નહીંતર અમે એવાઓને મત નહીં આપીએ.

એમને નવાઈ એ લાગે છે કે આવો એક સુકલકડી માણસ જેની પાસે નથી સૈન્ય, નથી શસ્ત્રો કે નથી સત્તા તે માણસ બીજા વીશ્વયુદ્ધના વીજેતા બ્રીટનને, જેણે હીટલર જેવા એક તાનાશાહને ધુળ ચાટતા કરી દીધા હતા, તે બ્રીટનને કઈ રીતે હરાવી શક્યો ? જે યુદ્ધમાં છ કરોડ માણસો હોમાઈ ગયા હતા, જેમાં પહેલી જ વાર એટમબોંબનો પ્રયોગ થયો હતો, તે શાહીવાદી બ્રીટનને આ માણસ કઈ તાકાતને જોરે હરાવી શક્યો ? તે પણ યુદ્ધ કર્યા વીના, ખુનખરાબો કર્યા વીના. દુનીયાના ઈતીહાસમાં આવું ક્યાંય બન્યું નથી. પશ્ચીમી જગતને આ સમજવું છે. એટલે ગાંધી માટેનું આકર્ષણ વધતું જાય છે. ગાંધી એમને કોઈ અલૌકીક પુરુષ લાગે છે.

બીજી બાજુ આપણે ત્યાં કેટલાક લોકો એવા છે જેઓ એવું પુછે છે કે ગાંધીજીને રાષ્ટ્રપીતા કોણે બનાવ્યા ? એમને રાષ્ટ્રપીતાનું બીરુદ કોણે આપ્યું ? અમે એમને રાષ્ટ્રપીતા માનતા નથી. ગાંધીજીને તેઓ અપ્રસ્તુત માને છે.

જે લોકો એવું માનતા હતા કે એમને જે પ્રકારની સમાજરચના કરવી છે તેમાં ગાંધી અવરોધરૂપ છે તેવા લોકોએ ગાંધીજીની હત્યા કરી હતી. એ લોકો ગાંધીજીના હત્યારા નથ્થુરામ ગોડસેને મહાન દેશભક્ત માને છે. તેની આરતી ઉતારે છે. એવા લોકો આજે સત્તાસ્થાને છે. દેશની પાર્લામેન્ટમાં છે. એવા લોકો ગાંધીજીનો વીરોધ કરે છે. ગાંધીજીની પ્રતીભાને ખંડીત કરવાનો, ભુંસવાનો પ્રયત્ન કરે છે. આપણા દેશનો જે સમૃદ્ધ ક્રાંતીકારી ઈતીહાસ છે તેને મીટાવવાનો પ્રયત્ન કરે છે, પોતાને જે અભીપ્રેત છે તે પ્રકારનો ઈતીહાસ રજુ કરવાની પેરવી થઈ રહી છે.

ગાંધીજીના જમાનામાં પણ કેટલીક બાબતોમાં ગાંધીજીનો વીરોધ થતો હતો. ગાંધીજીની એકદમ નજીકના માણસો જ ગાંધીજીનો વીરોધ કરતા હતા. દાંડીકુચ વખતે મોતીલાલ નેહરુએ પત્ર લખ્યો હતો - ચપટી મીઠું ઉપાડવાથી સ્વરાજ્ય કેવી રીતે મળશે ? તીલક, કાકાસાહેબ કાલેલકર અને આચાર્ય કૃપલાણીએ પણ અહીંસાથી દેશને સ્વરાજ્ય મળશે તેમાં અમને શ્રદ્ધા બેસતી નથી એમ કહ્યું હતું. ડૉ. આંબેડકર તો આ કરતાં પણ વધુ ઉગ્ર ભાષામાં ગાંધીજીની ટીકા કરતા હતા. પણ આ બધાની પ્રામાણીકતા વીશે, દેશપ્રેમ વીશે, ગાંધીજીને શંકા નહોતી. એટલે એમણે સમજપુર્વક વીરોધ કરનારાઓને પણ સ્વરાજયાત્રામાં સાથે લીધા હતા. દેશહીતમાં તેમની આવડત, શક્તી અને જ્ઞાનનો ઉપયોગ કર્યો હતો. વીરોધ કર્યા પછી પણ આ બધા અંતીમ ક્ષણ સુધી ગાંધીજી સાથે રહ્યા હતા. દેશનો વીકાસ કેવી રીતે થવો જોઈએ, તેનું આયોજન કેવું હોવું જોઈએ, તે બાબતમાં મતભેદો હતા. પણ નજર સામે દેશ હતો. તેમાં કોઈ મતમતાંતરો નહોતાં.

આજે એવું લાગે છે, ગાંધી વધુ સાચા હતા.

“માનવ સંસ્કૃતીનો નવો નકશો દોરનારા ગાંધી” પુસ્તકમાં ગાંધીજી વીશે જુદા જુદા વીદ્વાન લેખકોએ પોતે ગાંધીજીને કઈ રીતે જોયા જાણ્યા છે, અનુભવ્યા છે, તેની વાતો લખી છે. પોતાના અનુભવો લખ્યા છે. ગાંધીજીની, ગાંધીવીચારની, પોતપોતાની રીતે સમીક્ષા કરી છે. એટલે તેમની વાતોમાં સચ્ચાઈનો રણકો છે. વળી આ બધા જ લેખકો પોતપોતાના ક્ષેત્રના અનુભવી, નીવડેલા, કર્મશીલો હતા. વીચારકો હતા. કેટલાક તો ગાંધીજીની અતી નીકટના સાથીદારો હતા. ગાંધીજીને બરાબર પચાવેલા. કેટલાક અધ્યાપકો છે, પત્રકારો છે, ચંદ્રશેખર ધર્માધીકારી જેવા ન્યાયવીદો પણ છે. અને નવી પેઢીના પુરુષોત્તમ અગ્રવાલ, દીલીપ સીમીયોન જેવા વામપંથીઓ છે; ગાંધીજીના પૌત્ર ગોપાલકૃષ્ણ ગાંધી પણ છે અને કુમાર પ્રશાંત પણ છે આ નક્ષત્રમાળામાં. ગાંધીજીને, ગાંધીવીચારને ટકોરાબંધ તપાસનારા આ લેખો વાંચતાં એની પ્રતીતી થશે. મને એવું દેખાય છે - દેશ અને દુનીયાની પરીસ્થીતી જે રીતે ઘાટ પકડી રહી છે તેમાં ગાંધી વધુ ને વધુ પ્રસ્તુત રહેવાના. આવો, એ ગાંધીને સમજવાનો પ્રયત્ન કરીએ.

[‘**માનવસંસ્કૃતીનો નવો નકશો દોરનારા ગાંધી**’ પુસ્તકની પ્રસ્તાવના.]

❑

## નવું વાચન

***જ્યોંકી ત્યોં ધરી દીન્હીં*** *(જાદવજીભાઈ મોદી સ્મૃતીગ્રંથ) : સંપાદક - દમયંતી મોદી, પ્રાપ્તીસ્થાન : દમયંતીબહેન જા. મોદી, 2209/એ-2, હીલ ડ્રાઈવ, કૃષ્ણનગર, ભાવનગર-364002, મુલ્ય : રૂ. 200.*



આઝાદીપુર્વે કૉલેજકાળથી જ ભાવનગરની સામાજીક - જાહેર પ્રવૃત્તીઓનો પ્રાણ, પ્રખર ગાંધીવાદી, બાહોશ ધારાશાસ્ત્રી, સ્વાતંત્ર્યસેનાની, સૌરાષ્ટ્ર વીધાનસભાનાં પ્રથમ સ્પીકર અને પછી જાહેર બાંધકામ - શીક્ષણ ખાતાના મંત્રી, સંસદસભ્ય (રાજ્યસભા), જીલ્લા પંચાયતના પ્રમુખ - એમ અનેક હોદ્દાઓ શોભાવનાર જાદવજીભાઈ મોદી વીશેનો આ સ્મૃતીગ્રંથ સાદગીસભર એક વીરાટ વ્યક્તીત્વનો પરીચય પુરો પાડે છે. 1922માં અખાડા પ્રવૃત્તી - અસ્પૃશ્યતા નીવારણના કામોથી શરુ કરીને 1966માં એમને ગંભીર મોટર અકસ્માત નડ્યો ત્યાં સુધીની અનેકવીધ પ્રવૃત્તીઓની તપસીલ અહીં અપાઈ છે. ગ્રંથમાં છાપવામાં આવેલ તસવીરસંપુટ જોવાથી ખ્યાલ આવે છે કે પંડીત નેહરુ, રાજેન્દ્રપ્રસાદ, મોરારજી દેસાઈ, ઈન્દીરા ગાંધી, ડૉ. ઝાકીર હુસેન, કલાગુરુ રવીશંકર રાવલ, બળવંતરાય મહેતા વગેરે અનેક મહાનુભાવો સાથે તેઓએ કાર્ય કર્યું છે. ગ્રંથમાંથી કેટલુંક આચમનરુપે :

• મને સ્મરણ છે કે સને 1951-'52ની ચુંટણી પછી સૌરાષ્ટ્રની વીધાનસભાની પ્રથમ બેઠકમાં જ શ્રી જાદવજીભાઈએ એમના ખાતાની માંગણીઓ અંગે ચર્ચાનો જવાબ આપતી વખતે સૌરાષ્ટ્રની બીજી પંચવર્ષીય યોજનામાં માત્ર 47.50 કરોડની જોગવાઈ છે, એ જાણતા હોવા છતાં બધી નદીઓ ઉપર બંધ બાંધવા માટે, નદીના પ્રવાહને કારણે બંને કાંઠાની કીમતી ખેડવાણ જમીનને ધોવાઈ જતી રોકવાની દૃષ્ટીએ નાની મોટી નદીઓની બન્ને બાજુ કરોડો રુપીયાના ખર્ચે બાંધવાની સંરક્ષણ દીવાલો માટે, સૌરાષ્ટ્રભરમાં ગામેગામને જોડતા પાકા રસ્તાઓ માટે કરોડો રુપીયાની જરુર પડે એવું ભારે ગુલાબી ચીત્ર રજુ કરીને વીધાનસભાના તમામ સભ્યોને ભારે આશ્ચર્યમાં ડુબાડી દીધા. કોઈએ પુછ્યું કે આ બધા કાર્યક્રમોને હાથ ધરવા અને પુર્ણ કરવા માટે જોઈતું ધન ક્યાંથી મળશે ? શ્રી જાદવજીભાઈએ ભારે આત્મવીશ્વાસ સાથે જણાવ્યું કે વીચાર કરી રાખ્યો હોય તો વહેલાંમોડાં નાણાં મળી રહેશે. શ્રી જાદવજીભાઈનો આત્મવીશ્વાસ જોઈને વીધાનસભાના તમામ સભ્યો આશ્ચર્યમાં વધુ ગરકાવ થઈ ગયા ! પણ આજે આપણે જોઈએ છીએ કે શ્રી જાદવજીભાઈએ સને 1952માં ભારે આત્મવીશ્વાસ સાથે ભવીષ્યનું જે ચીત્ર રજુ કરેલું એ ચીત્રને મુર્ત સ્વરુપ આપવા માટે કરોડો રુપીયા ખર્ચાઈ ગયા છે અને કરોડો રુપીયા ખર્ચવાના આયોજન થઈ રહ્યાં છે.

**- રતુભાઈ અદાણી**

• કેવા હતા એ દીવસો ! આજે બધું સ્વપ્નવત્ લાગે છે. ગુજરાતમાં નવી રચાયેલી જીલ્લા પંચાયતો ત્યારે નમુનેદાર નેતૃત્વ પુરું પાડતી હતી. નવા ચીલાઓ ચીતરવાનો ત્યારે અવકાશ હતો. અમે સૌ પ્રમુખો પ્રજાકીય સેવાનાં કાર્યોમાં અને નવી નવી યોજનાઓ ઘડવામાં ત્યારે મશગુલ રહેતા. સ્વ. જાદવજીભાઈનું એ ક્ષેત્રે સારું પ્રદાન રહેતું. જાદવજીભાઈ મોદી સમીતીનો હેવાલ એનો તાદૃશ્ય પુરાવો છે.

**- ઝીણાભાઈ દરજી**

• સહાનુભુતી ઘણી. વાત ચોખ્ખી કરે, પણ છેવટે સહાનુભુતી જીતે. મને ઠક્કરબાપા હરીજન છાત્રાલયનો વહીવટ સોંપેલો. મને બીજું આવડે પણ હીસાબમાં મીંડું. ચોપડા ખોટા જ ચીતરેલા. એ બધા એમણે ફરી જાતે જ લખ્યા. ને મને અહોભાવે ભીંજવી દીધો.

**- મનુભાઈ પંચોળી 'દર્શક'**

• તેઓ ટેનીસના ભારે શોખીન હતા. તેઓ એક બહુ સારું ટેનીસ રેકેટ રાખતા હતા. શામળદાસ કૉલેજમાં તેઓ નીયમીત ટેનીસ રમવા જતા. ટેનીસમાં તેઓએ શામળદાસ કોલેજમાં નામ કાઢેલું.

**- ડૉ. જે. એમ. લાખાણી**

• જાદવજીભાઈ અધ્યક્ષના આસને બેઠા હોય ત્યારે ભાગ્યે જ કોઈ પ્રધાન 'મારે આ પ્રશ્નના જવાબ માટે નોટીસ જોઈશે', 'માહીતી જાહેર કરવાનું જાહેર હીતમાં નથી' કે એવા ઉડાઉ જવાબ આપતા. 1948થી 1956 સુધીના સૌરાષ્ટ્રના સુવર્ણયુગમાં તેઓ સહભાગી હતા. કમનસીબે સૌરાષ્ટ્રની નવી પેઢી આ જુની પેઢીનું ઋણ ભુલી ગઈ છે...

**- હસમુખ સંઘાણી**

['ફુલછાબ'ના તંત્રીલેખમાંથી]

• જાદવજીભાઈ આજીવન નીત્ય કાંતતા, પોતાનાં ખાદી વસ્ત્રો એ રીતે જાતમહેનતથી બનાવેલાં પહેરતા. ઘરમાં તેમ બહાર એમનું જીવન સાદગીભર્યું અને સુઘડ હતું... 'ભાષાન્તરનીધી'માં અમે સાથી-ટ્રસ્ટીઓ હતા એ કારણે મોટે ભાગે ભાવનગરમાં અમે વારંવાર મળતા, એમના ઘેર રહેતા, ને એમની વહાલભરી મહેમાનગીરીનો લહાવો મેળવતા...

**- પુરુષોત્તમ ગણેશ માવલંકર**

• આજે આ યાદ આવતા થાય છે કે એ વખતે મંત્રીઓમાં, અધીકારીઓમાં એવું તે કયું તત્ત્વ હતું કે સામાન્ય માણસને આટલી ઝડપથી ન્યાય મળી જતો હતો ? એમની સંવેદનશીલતા ? માણસને પારખવાની શક્તી કે ઓછા સ્ટાફનું પરીણામ કે સમસ્યાઓ જ ઓછી ઉભી થાય

તેવું વહીવટી તંત્ર કે પછી સામાન્ય માણસ - પછી તે કર્મચારી હોય કે નાગરીક 'પ્રોપર ચેનલ'ની આંટીઘુંટીઓ અને ભ્રષ્ટતાની આડશો વીના, સીધો અધીકૃત વ્યક્તીને મળી શકતો હતો...

**- દીલીપભાઈ રાણપુરા**

ગ્રંથમાં સંસ્મરણો, કુટુંબીજનોનાં લેખો, જાદવજીભાઈનું જુદા જુદા વીષયો પરનું ચીંતન - તેમના વક્તવ્યો - લેખો પણ સમાવીષ્ટ છે. આ સંપાદન દ્વારા આદરણીય દમયંતીબહેને પીતૃતર્પણ કર્યું હોવાની સાથોસાથ દીવંગત જાદવજીભાઈની પ્રામાણીકતા, નીષ્ઠા તેમજ એક ઉચ્ચકક્ષાના સમાજસેવકનો ગુજરાતને પરીચય કરાવ્યો છે.

***મીશન : માનવ અધીકાર** - લેખક : ગૌતમ ઠાકર, યજ્ઞ પ્રકાશન, હીંગલાજ માતાની વાડીમાં, હુજરાતપાગા, વડોદરા-390001, મુલ્ય : રૂ. 80.*




આ પુસ્તકના લેખક ગૌતમ ઠાકરે કૉલેજકાળથી જયપ્રકાશ નારાયણ સ્થાપીત છાત્ર યુવા સંઘર્ષવાહીની દ્વારા જાહેરજીવનમાં પદાર્પણ કર્યું. સેન્ટ્રલ બેંક સ્ટાફ યુનીયનમાં સાડાત્રણ દાયકાઓ સેવા આપી, જે બદલ તેઓને સન્માનીત કરવામાં આવેલ છે. અત્યારે જેપી સ્થાપીત નાગરીક સ્વાતંત્ર્ય સંગઠન (પીયુસીએલ) તથા ઈન્ડીયન રેડીકલ હ્યુમેનીસ્ટ એસોસીએશનના અખીલ ભારતીય અધ્યક્ષ તરીકે સેવાઓ આપી રહ્યા છે. 53 વર્ષથી રમતગમત લેખનમાં અનેક લેખો જાણીતા દૈનીકોમાં લખતા રહ્યા છે, તે અંગે બે પુસ્તકો અને પરીચય પુસ્તીકાઓ પણ લખેલ છે. 'મીશન : માનવ અધીકાર' પુસ્તકમાં 62 લેખો એમની કલમે લખાયેલા વાંચવા મળે છે; તેમાં લોકશાહી અને માનવ-અધીકાર, મહીલાઓ અને માનવ-અધીકાર, શ્રમીકો અને માનવ-અધીકાર, ખેડુતો-ગ્રામજનો અને માનવ-અધીકાર, લોકઆંદોલનો અને માનવઅધીકાર, લોકતંત્ર અને માનવ-અધીકાર, માનવહક્કો માટે મરી ફીટનારા તેમજ અન્ય લેખોનું વીભાગીકરણ કરવામાં આવ્યું છે. ગૌતમભાઈએ નોંધ્યું છે :

'સતત 50 વર્ષ સુધી રમતગમતની 'પેવેલીયન' કોલમ જુદાં જુદાં દૈનીક પત્રો, મેગેઝીનમાં ચલાવી. છેલ્લાં 5 વર્ષમાં એટલે કે 2011 પછી દર રવીવારે પ્રાસંગીક નોંધ સીન્ડીકેટેડ કોલમ દ્વારા ચાલી રહી છે. ખાસ કરીને લોકજાગૃતી - શીક્ષણ અને માનવ અધીકારના મુદ્દા લઈ લખવાનું રાખ્યું...'

આ લેખો 'ગુજરાત ટુડે' દૈનીક ઉપરાંત તાલુકા - જીલ્લાકક્ષાનાં સામયીકોમાં પ્રગટ થતા રહ્યાં છે. જુનાગઢ બાયપાસ ખાતે ખેડુતોનો પ્રશ્ન હોય કે પછી ઉનાકાંડ - નલીયાકાંડ જેવી કલંકરુપ ઘટનાઓ હોય ત્યારે ગૌતમભાઈ સત્યશોધક ટીમ મોકલીને જાતતપાસ આધારીત હેવાલો બહાર પાડે છે. 1975ની કટોકટી વેળા સક્રીય ગૌતમભાઈ હાલની પરીસ્થીતી વીશે લખે છે :

'આજે દેશમાં અને ખાસ કરીને ગુજરાતમાં અઘોષીત કટોકટીનો અનુભવ પ્રજા કરી રહી છે. ખાસ કરીને છેલ્લા એક દસકાથી પ્રતીબીંબીત થતું સરકારનું મનસ્વી, લોકવીરોધી, આપખુદશાહી વલણ લોકશાહીપ્રેમી નાગરીકોને બેચેન કરી દે તેવું છે. ગુજરાતમાં શ્રમીકોનું શોષણ સરકાર પોતે જ કરે છે... રાજ્ય સરકારનો અભીગમ સભાનપણે અને જાણીબુજીને બંધારણ તથા કાયદાના શાસનને અવગણવાનો રહ્યો છે. લોકશાહી મુલ્યો અને બંધારણ સામે છેલ્લા દસકામાં ઘણા પ્રશ્નો અને બનાવો બન્યા.'

પુસ્તકને આવકારતા વરીષ્ઠ ધારાશાસ્ત્રી તથા માનવ અધીકારના જતન-સંવર્ધન ક્ષેત્રે સતત કાર્યરત ગીરીશભાઈ પટેલે લખ્યું છે :

'મોદીનો આર્થીક વીકાસ માનવ વીકાસ નથી. માત્ર જીડીપીમાં વૃદ્ધી છે. મોટા ઉદ્યોગો અને સુંદર શહેરોની પાછળ ગરીબી, અસમાનતા, અન્યાય અને શોષણ, બેકારી સીવાય કશું જ નથી. વીસ્થાપીત આદીવાસીઓ, એટ્રોસીટીસના ભોગ બનેલા દલીતો, બેકાર મજુરો, શહેરનાં ઝુંપડાંવાસીઓ ઉપર જુલમ, સ્ત્રીઓ ઉપર અત્યાચારો અને બાળમજુરો, દબાયેલા અને કચડાયેલા મુસ્લીમો - આ છે સાચું મોદીનું ગુજરાત. લેખકે શહેરો અને ગામડાઓની ગ્રાઉન્ડ રીયાલીટી દર્શાવી છે. તે પણ દાખલાઓ સાથે. લોકોના સાચા પ્રશ્નો રજુ કર્યા છે અને શું કરવું જોઈએ તેની પણ ચર્ચા કરી છે.

'ઉપર કહ્યા મુજબ મોદીનું મોડલ જોબલેસ, રુથલેસ, વોઈસલેસ એન્ડ ફ્યુચરલેસ છે. આ મોડલ સારાય દેશમાં લઈ જવા મોદી તત્પર છે. છેલ્લાં અઢી વર્ષમાં આ મોડલના અંશો દેખાવા માંડ્યા છે. પરંતુ દેશની વીવીધતાઓના કારણે ધાર્યા મુજબ સફળ થઈ શક્યા નથી. હજુ સમય છે અને તક પણ છે આને રોકવા માટે. તે માટે જરુરી છે ગુજરાત મોડલને સમજવાની. આ તક આ પુસ્તક પુરી પાડે છે...'

આ પુસ્તકના લેખો એક ઉપયોગી સંદર્ભગ્રંથની ગરજ સારે છે. જોકે પીયુસીએલની સત્યશોધક ટીમે આપેલ હેવાલો પરીશીષ્ટ રુપે રજુ થયા હોત તો તેનું મુલ્ય અદકેરું હોત !

- ઈ૦

## ભુલસુધાર

તા. 16-6-2017ના અંકમાં છેલ્લા પાને બીજી કોલમમાં બંને રચના શ્રી ગોવીંદભાઈ દરજીની છે, તેમનું નામ બીજી રચના નીચે જ છપાવું જોઈતું હતું... સુધારવા વીનંતી.

***માણસાઈની કેળવણી :*** *મનસુખ સલ્લા, પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ-380001. મુલ્ય : રૂ. 160.*



આપણે ત્યાં શીક્ષણવીષક સુંદર પુસ્તકો ઓછાં છે, તેમાં આ પુસ્તક એક મુલ્યવાન ઉમેરણ છે. અહીં ગ્રંથસ્થ થયેલા ત્રીસ લેખો છે, જે મોટા ભાગે મનુસખભાઈએ 'લોકભારતી'માં આચાર્ય તરીકે કાર્યભાર સંભાળ્યા પછી તૈયાર કરેલા છે. *આ લેખોમાં અભ્યાસ અને અનુભવનું સંયોજન જોઈ શકાય છે. લેખકે પોતે પ્રાસ્તાવીક 'મારી વાત'માં નોંધ્યું છે તેમ, 'આ લેખો એક રીતે નઈ તાલીમના સીધા કાર્યનું, અનુભવોનું, એના ચીંતન અને પ્રયોગોનું અભ્યાસ અને અવલોકનનું, પૃથક્કરણ અને તારણોનું આલેખન છે.*

આમાંના ઘણાખરા લેખો છેલ્લાં બાવીસેક વર્ષમાં 'ભુમીપુત્ર', 'કેળવણી', 'પ્રગતીશીલ શીક્ષણ', 'નયા માર્ગ', 'ગુજરાત ટાઈમ્સ' તથા 'કોડીયું'માં પ્રકાશીત થઈ ચુક્યા છે, ને વાચકોનો ઉમળકો મેળવી ચુક્યા છે. તેને પુસ્તક સ્વરુપ આપતાં પુર્વે પણ લેખકે પુન: મઠાર્યા છે, તેથી તેનું મુલ્ય વધ્યું છે. આડત્રીસ વર્ષોના તેમના અનુભવના પરીપક્વ નીષ્કર્ષરુપ આ પુસ્તક નઈતાલીમને સમજવા માગતા પ્રત્યેક શીક્ષકો કે અભ્યાસુજનોએ અનીવાર્યપણે વાંચવું જ રહ્યું. અહીં મુકી આપેલાં નઈતાલીમનાં તત્ત્વો, પદ્ધતીઓ; છાત્રાલય-જીવનને લીધે મળતી આત્મરચનાની કેળવણી; ગુજરાતમાં નઈતાલીમના થયેલા પ્રયોગો અને તેની અસરો- સ્થીતી-સંભાવનાઓ; ને છેલ્લે, બદલાતી ગ્રામ પરીસ્થીતીમાં ગ્રામવીદ્યાપીઠો કઈ રીતે અનુકુલન સાધીને નઈ તાલીમની પ્રસ્તુતતા જાળવી રાખી શકે - આ બધાંની બહુપરીમાણી છણાવટ આ પુસ્તકને નઈતાલીમવીષયક પુસ્તકોમાં નીર્વીવાદપણે એક અધીકૃત પુસ્તકનો દરજ્જો આપે છે.

પુસ્તકને સાંપડેલી સુદર્શન આયંગારની પ્રસ્તાવના, તેમજ છેલ્લે મુકાયેલો રતીલાલ બોરસાગરનો મનસુખભાઈ વીશે કરેલો લેખ - એ બન્નેમાં લેખકના વીદ્વતકર્મનો પરીચય મળે છે. તો મુખપૃષ્ઠ પણ પુસ્તકના કથયીતવ્યને ખુબ જ સુચક રીતે પ્રતીબીંબીત કરે છે.

શરુઆતના લેખોમાં નઈ તાલીમનાં તત્ત્વોની વીશદ છણાવટ છે. તેમાં પણ 'અનુબંધ: સ્વરુપ અને પ્રક્રીયા' લેખ તો ખાસ ધ્યાનથી વાંચવા જેવો છે. નઈ તાલીમની કેળવણીની પદ્ધતીઓમાં છાત્રાલય અભીન્ન અંગ છે. છાત્રાલય જીવનની કેળવણીને કેન્દ્રમાં રાખીને કરેલ લેખોમાં એ બાબત કઈ રીતે આત્મરચનાની કેળવણીનું અસરકારક સાધન બની શકે તે દર્શાવાયું છે. ગુજરાતમાં નઈ તાલીમના પ્રયોગો, તેની અસર, સ્થીતી અને સંભાવના વીશેના લેખોમાં લેખકે જે છણાવટ કરી છે તેમાં વસ્તુનીષ્ઠતા અને વાસ્તવીક દૃષ્ટીકોણ દેખાય છે. ગુજરાતમાં પ્રવર્તમાન શીક્ષણજગતની પરીસ્થીતી પરના લેખોમાં એક શીક્ષણવીદ્ દ્વારા કરાયેલી સમીક્ષા અને વ્યવહારીક સુચનો છે.

**કેટલીક ઝલક :**

અનુબંધ એ કેવળ એક શીક્ષણપદ્ધતી જ નથી, પણ એક દર્શન છે. જીવનની પ્રક્રીયાઓ અને સંબંધોને સમજાવતું દર્શન છે. ગાંધીજીએ જીવન માટેનું શીક્ષણ અને જીવન દ્વારા શીક્ષણ એમ કહ્યું છે તેની સૌથી વધુ સ્પષ્ટ અને સુસંગત સમજ અનુબંધના વીચારમાંથી મળે છે. કેળવણીની પ્રક્રીયાને જો જીવનભરની પ્રક્રીયા ગણીએ તો અનુબંધનો વીચાર કેટલો મહત્ત્વપુર્ણ છે તે સમજાય. એથી એમ કહેવામાં જોખમ નથી કે 'અનુબંધ નહીં તો નઈ તાલીમ નહીં.' ('અનુબંધ : સ્વરુપ અને પ્રક્રીયા', પૃ. 54)

'શીક્ષક કેવળ વર્ગખંડમાં બોલનારું યંત્ર નથી. શીક્ષક તો માળી જેવો છે. માળી ભોંય તૈયાર કરે છે, ખાતર-પાણી આપે છે, અનીષ્ટો રંજાડ ન કરે તે માટે વાડ કરે છે. જરુર પડે તો ટેકો કરે છે, સુર્યપ્રકાશ પુરતો ન મળતો હોય તો આડશ હટાવી લે છે, પછી છોડને પોતાની રીતે વીકસવા દે છે.' ('શીક્ષણની ચરીતાર્થતામાં શીક્ષકની ભુમીકા', પૃ. 66)

'એક કાળે આપણે ત્યાં માત્ર બોર્ડીંગો હતી. પરંતુ નાનાભાઈ ભટ્ટ, મુળશંકરભાઈ ભટ્ટ અને મનુભાઈ પંચોળીના પુરુષાર્થે નવી કેળવણીનાં વાહકો એવાં છાત્રાલયો જન્મ્યાં. એનું શાસ્ત્ર અને એનો વ્યવહાર જન્મ્યાં.' ('છાત્રાલય - કેળવણીનું ધરુવાડીયું, પૃ. 94)

'જે દેશ પોતાના ઉત્તમ શીક્ષકોને પ્રાથમીક કક્ષામાં રોકે છે, પ્રાથમીક શીક્ષણ માટે વધુ નાણાં ફાળવે છે, વધુ ધ્યાન આપે છે તે પોતાની આવતી કાલ વધુ સુરક્ષીત, સલામત અને ઉજળી બનાવે છે.' ('શીક્ષકો સામે તહોમતનામું', પૃ. 178)

મનસુખભાઈનાં મુળ ખડસલી, લોકભારતી અને ગુજરાત વીદ્યાપીઠ જેવી સંસ્કાર સંસ્થાઓમાં સાહીત્ય અને શીક્ષણ એમ બન્ને ક્ષેત્રોના દીગ્ગજ શીક્ષકોને હાથે સંનીષ્ઠ માવજત પામ્યાં છે. એ આ પુસ્તકમાં દેખાય છે. એ પરંપરાને મનસુખભાઈ હજી વધુ આગળ લઈ જાય એવી અભ્યર્થના.

**– હેમા રાવલ**

[સાભાર નોંધ : આ પુસ્તક 'વીવેકગ્રામ', માંડવી-કચ્છ દ્વારા ભેટ મળ્યું છે.]

❑

RNI No. of RNP is 20528/71 Registered under Postal Registration No. GAMC-534/2015-2017 valid upto 31st December-2017 posted on 1st & 16th of Every Month at Amd. PSO. ● નયા માર્ગ ● પ્રકાશન તારીખ : 1-7-2017

## કાવ્યોમાં આંગણ

### ફંદો છે !

એનો તો એવો ધંધો છે :
પણ તું અલ્લાહનો બંદો છે.

કારણ હો કે કામણ પ્યારા;
અંજાઈ ગયા તો ફંદો છે !

તારી માળા મારી ઈબાદત,
તેની તો ક્યાં કો' જંગો છે ?

સંસ્કૃતીની વાત જ મુકો !
વીકૃતીને ભજતા સંઘો છે.

મંત્ર પડ્યા છે મુર્છીત થૈ !
સાર વગરના સૌ સંતો છે.

એની મુડી કેવળ છલના,
તારી પાસે તો ત્રી-રંગો છે !

પાજી હોય બને તે નાઝી;
તું તો બાગી પરખંદો છે !

એના તો મનમાં શું આવે ?!
એના હાથોમાં દંડો છે !

અખંડ રહી ના ભાવભુમી;
શીર્ણ વીશીર્ણ શા મનખંડો છે !

દુનીયા તો ભૈ દુનીયા જેવી !
જ્યાં માયા છે ત્યાં દ્વંદ્વો છે.

શાયર તું તો સાધો માણસ;
ભવની શેરીમાં દંગો છે !

કોઈ હવે તો સાચા બાંધો !
આ ખાલી છળના, બંધો છે.

રચના 'મૌલીક' હો તો બસ છે;
બાકી શું કરવા છંદો છે !?

**- એ. ટી. સીંધી 'મૌલીક'**

[52, મહંમદી સોસા., પાલનપુર-385001]

### છુંદણું

તળાવે તો આમેય પણ જળ ખુટ્યું છે
અધુરામાં પુરું ફરી તળ તુટ્યું છે.

નથી તાવડી ને નથી તેર વાનાં
ચુલા પર શું બળવાને જીવતર મુક્યું છે ?

તમે પંખીઓને તો કાઢ્યા 'તા પાછા
તો ખેતર કહો આખ્ખું કોણે ચણ્યું છે.

દબાવી દબાવીને દીધાં 'તા દાટી
કોઈ મૃત એમાંથી ડુસકું છુટ્યું છે

હવે ક્યાંથી કોઈના તને દઈએ સોગંદ
તેં 'હાકલ'ના હાથેથી છુંદણું ભુંસ્યું છે.

**- પ્રતાપસીંહ ડાભી 'હાકલ'**

### ધરતીપુત્ર

મા ધરાને ખેડતા ને વાવતા,
ખેતરોમાં રાતવાસો ગાળતા.

ઢોરઢાંખરને તબેલે પાળતા,
દુધ માખણનો ઘરોબો રાખતા.

શ્રમ કરી ખેતી પકાવી જાણતા,
ધાન ખાવાને જગતને આપતા.

ઋણ માથે લઈ કરજના ભારને,
કેટલું તારણ કરજનું જાણતા.

છોકરાં છૈયા ભણાવાને કરી,
કામ ધંધાની ઉમીદે વાળતા.

ખુબ સાદું ખુબ સીધું જીવવા,
આકાશ તાપે શરીરો બાળતા.

વેઠતા સાટા પ્રથાના ભારને,
લગ્નગાળા પણ દબાણે માંણતા.

જીવવા સુકા વરસના કાળમાં,
ગામ ચોરાએ ગપાટા મારતા.

એટલું હળવું નથી આ જીવવું,
શું કરો માસુમ હૃદયને બાળતા.

**- માસુમ મોડાસવી**

### સમાંતર

ભટકતો ફરું ને મુકામો સમાંતર
સતત યુદ્ધ ચાલે વીરામો સમાંતર

ઘણી વાર એવું ય બનતું રહે છે
ભરું શ્વાસ તોયે વીસામો સમાંતર

જરા સાચવી સાચવી ચાલવાનું
છરી હો બગલમાં પ્રણામો સમાંતર

અજબ ત્રાજવાં છે જગતના બજારે
ગણે ખુબ મોંઘો નકામો સમાંતર

વીણી કાંકરાઓ કરી સાફ યાદી
ખટકતાં હજી કૈંક નામો સમાંતર

હતા શોધમાં એક પાદર મજાનું
મળે સાવ વેરાન ગામો સમાંતર

ધજા હોય બાવન ગજોની ફરકતી
બધાં કોરી ભક્તીના ધામો સમાંતર

જુઓ જાણે આખું જગત વ્યસ્ત લાગે
ન નીપજે કશું એવા કામો સમાંતર

**- પ્રતાપસીંહ ડાભી 'હાકલ'**

[9898100551]

### અમારી આંખો

અમારી આંખોને
તમે કુવાઓ માની,
એવા કુવાઓ
જે વર્ષોથી નહીં, બલ્કે સદીઓથી
હવડ પડ્યા છે !
એમ માનવું એજ ભુલ થાય !
પાતાળઉંડા કુવાઓ જેવી
અમારી આંખોમાં કેટલીય
વેદનાઓના થર પર થર જામેલાં
ને એના પરથી વહેતા જળ જેવું
અમારું મન !
અમને અડ્યા વીના
અળગા ને અળગા રહ્યા તમે
ને એ
મનજળને પામી ના શક્યા !
એ આંખોમાં
પાતાળઉંડું જળ
હજુય ઝમે છે...
એ જળ જ
હવે અસંખ્ય આંખોમાં વહેવાનું છે...
કેમકે એ આંખોને
આ અસંખ્ય આંખો
ઓળખતી થઈ છે !

**- ડૉ. સીલાસ પટેલીયા**

[મો. 93772 66828]

❑

'નયા માર્ગ' વતી - તંત્રી, મુદ્રક, પ્રકાશક : ઈન્દુકુમાર જાની, નયા માર્ગ કાર્યાલય, ખેત ભવન, ગાંધી આશ્રમની બાજુમાં, અમદાવાદ 380 027.
(ફોન : 27557772) http://nayamarg.wordpress.com ● વાર્ષીક લવાજમ રૂ. 150 ● છુટક નકલ રૂ. 8 ● 'નયામાર્ગ'ના નામના ચેકથી મોકલવું.
મુદ્રણ સ્થાન : ચંદ્રીકા પ્રીન્ટરી, મીરઝાપુર રોડ, અમદાવાદ 380 001